નવાં બંધાયેલા બિલ્ડિંગમાં રેડી ફ્લેટ 1,2,3 BHK વેચાણથી મળશે
1,2,3 & 4 BHK ભાડેથી મળશે
બુકિંગમાં 2 BHK અને 3 BHK સારા એરિયામાં મળશે
તિરૂમાલા હેબીટેટસ, રૂનવાલ એન્થુરીયમ, દેવીદયાલ રોડ, સર્વોદય નગર, તાંબેનગર 2 અને 3 BHK મળશે
ઓબેરોયમાં 3 અને 4 BHK વેચાણથી તેમજ ભાડેથી મળશે
Deepak Kesaria
9707 777 771

Click for more detail

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

Kamlesh
Namkeen! Har Din...
www.namkeenhardin.com

વર્ષ : ૨૭ ● અંક : ૨૧ ● સળંગ અંક : ૧૩૩૭ ● મુંબઈ ● બુધવાર ● તા.૧૨ જૂન – ૧૮ જૂન ૨૦૨૪ ● કુલ પાના : ૨૦+૪=૨૪ ● કિંમત રૂ.૫.૦૦

Click for more details

# એકા ડેંટલ કેઅર

ચૅરિટેબલ સંસ્થા જેવા રાહત દરે
ગુણવત્તાસભર સારવાર

સોમ થી શનિ
સવારે ૮ થી રાત્રે ૧૧ વાગ્યા સુધી
(રવિવારે ૮:૦૦ થી બપોરે ૨:૦૦ વાગ્યા સુધી)

અઠવાડિયાના
૭
દિવસ

પહેલું કન્સલ્ટેશન ફ્રી! અપૉઈન્ટમેંટ માટે કૉલ કરો ૭૪૪ ૯૩ ૭૪૪ ૬૩

Limited period offer! ★ Limited period offer! ★

ક્લીનિંગ | રુટ કૅનાલ | ઈમ્પ્લાંટ્સ | સિરામિક ક્રાઉન (કૅપ) | મેટલ બ્રેસિઝ | મેટલ ક્રાઉન | બત્રિસી

એકા ડેંટલ કેઅર, મુનશી એસ્ટેટ, એમ.જી. રોડ, મગનલાલ મહેતા એસ્ટેટ એજેંટ ઑફિસની ઉપર,
ગોકુલ હોસ્પિટલ ની પાસે, મુલુંડ વેસ્ટ. અમારું ક્લિનિક જોવા માટે ક્યૂ.આર. કોડ સ્કેન કરો.

SHREE PRAGATI FOUNDATION's

# HIRA – MONGI NAVNEET HOSPITAL

ADDRESS: VALJI LADHA ROAD, MULUND (W), MUMBAI-80

Care with human touch

H-2023-1173

Click for more details




022-3504 3541
022-35043544

+91-9321890460

hmnhospital.org

HIRAMONGINAVNEET

HIRA MONGI NAVNEET HOSPITAL

CASHLESS/MEDICLAIM FACILITY AVAILABLE (on request)

## CENTRE FOR

- Kidney Transplant
- Lifestyle Management
- Geriatric Care
- Oncology
- Upcoming Robotic Surgery

## ESSENTIAL SERVICES

* Day care & EMERGENCY
* Inpatient services (I.P.D)
* Outpatient service (O.P.D)
* Operation Theatres
* Intensive Care Unit (I.C.U)
* Pharmacy

- Only FULL NABH Accredited Hospital in Mulund, Mumbai
- Ranked amongst Top 10 Hospital in Central Suburb
- Leading hospital in Multi-Specialty Healthcare Service
- Expertise of Super Specialist Consultants
- Affordable rate & State-of-art Operation Theatre

## OUR SERVICES

- ✓ Anesthesiology and Pain Clinic
- ✓ Audiometry and Speech Therapy
- ✓ Cancer Clinic / Oncology
- ✓ Cardiology
- ✓ Chest & Respiratory Medicine
- ✓ Dentistry & Dental Surgeries
- ✓ Ear, nose and throat
- ✓ Dermatology
- ✓ Dietetics
- ✓ General Medicine
- ✓ Gynecology
- ✓ Hepatobiliary & Gastroenterology
- ✓ Minimal access and General surgery
- ✓ Nephrology (Dialysis/Kidney Transplant)
- ✓ Neurology &Neuro-Surgery
- ✓ Ophthalmology
- ✓ Orthopedic-Surgery of Joint & Spine
- ✓ Pediatrics
- ✓ Physiotherapy
- ✓ Plastic and reconstructive surgery
- ✓ Psychiatry and De-addiction
- ✓ Andrology & Urology







## DIAGNOSTIC SERVICES

- 2-D Echo | ECG | Treadmill Test | Video Endoscopy
- Radio Diagnosis: X-Ray, USG, OPG
- Laboratory Medicines: Clinical Biochemistry, Microbiology, Serology, Pathology, Hematology, Histopathology

## *24/7 SERVICE*

Emergency
X-Ray
Pathology

**Awards and Accolades:** *Highest National Recognition for Patient Safety & Quality: Only Charitable Hospital in Mulund, Mumbai to be fully NABH accredited*
*Best CSR Practice in Healthcare by Healthcare & Wellness Excellency Awards*
*Times Healthcare Leaders Awared: Best Critical Care services in city, top 20 Hospitals in City Multispecialty Rankings, successful leaders in healthcare industry*
*Mid-Day Top Multispecialty Hospital Survey, 2023 - Ranked 4th among top 10 Multi-specialty hospital in Central*

**જૂનામાંથી નવુ + ક્રિએટીવ પિસ**

રોજનું નવું-નવુંને ટ્રેન્ડી પીસ પહેરવું ગમે છે પણ કબાટમાં ઘસારો બહું છે તો જૂનામાંથી નવું ઉથલપાથલ કરી નવું કંઈક બનાવીએ. સાડી, સેલા, બાંધણી બધામાંથી નવી સાડી, ચણિયા ચોલી, ઈન્ડો વેસ્ટર્ન બનાવડાવો. ડીઝાઈનર બ્લાઉઝમાં પરફેક્ટ ફીટીંગ ફીનીશીંગ સાથે રીજનેબલ રેટની ગેરેન્ટી.

**હેતલ શાહ**
**98210 59549**



# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26



**Yogi Hills-Mulund West**
**Available 2 BHK For Sale**
Fully Furnished Flat
Without Electronic Items.
Full Flat Garden Facing
Carpet : 610' Sq.Feet
Price : Rs.1.40 Crore Negotiable
Payment - Full Cheque
If Required we sending
Photos and Videos.
**Kalpesh Thakkar**
9224944922, 9223944922

વર્ષ : ૨૭ ● અંક : ૨૧ ● સળંગ અંક : ૧૩૩૭ ● મુંબઈ ● બુધવાર ● તા.૧૨ જૂન – ૧૮ જૂન ૨૦૨૪ ● કુલ પાના : ૨૦+૪=૨૪ ● કિંમત રૂ.૫.૦૦

# ઓસ્કાર ઇન્ફ્રાસ્ટ્રકચર ના લિમિટેડ એડિશન પ્રોજેક્ટ માં અનલિમિટેડ પ્રતિસાદ

**ઓસ્કર ઈન્ફ્રાસ્ટ્રક્ચરે ઘર ખરીદદારો અને બ્રોકરો વચ્ચે થોડા સમય માં જ વિશ્વાસ સર્જ્યો છે**. તેઓ રિયલ એસ્ટેટ ઉદ્યોગમાં સેવા આપી રહ્યાં છે અને તેમનું વિશિષ્ટ વેચાણ પ્રસ્તાવ છે સમયસર અથવા સમય પહેલાં પ્રોજેક્ટ્સ ડિલિવર કરવું. તેમના થોડા વિશેષ ટાવર્સ જેમ કે ઓમ રેસિડન્સી (મુરાર રોડ), મન્ન મધુવન (RHB રોડ), સાઇ મધુવન (RHB રોડ), ઓમ રીજન્સી (તાલોજા), ઓમ નીલકંઠ દર્શન (ઘાટકોપર), ઓમ મૈત્રી - વન ઓસ્કર (ડોમ્બિવલી) વગેરે ઉલ્લેખ કરવા યોગ્ય છે. **ઓસ્કર ઈન્ફ્રાસ્ટ્રક્ચરે નવું પ્રોજેક્ટ સફળતાપૂર્વક લોન્ચ કર્યું છે, જેને ઓમ નંદનવન - ધ લિમિટેડ એડિશન લાઇફ કહેવાય છે, જે અંબાજી ધામ મંદિર સામે આવેલું છે.**

**ઓમ નંદનવન 21 માળની કૃતિ છે જેમાં પોડિયમ પર 20+ અમેનીટીસ છે, અને તેમાં 2, 3, 4 અને 5 BHK વિશાળ ફ્લેટ છે, જે દર્શનિય બાલ્કનીઓ સાથે જોડાયેલા છે.** ઓમ નંદનવન ધ લિમિટેડ એડિશન લાઇફને બ્રોકરો ઉપરાંત ઘર ખરીદદારો અને રોકાણકારો પાસેથી પણ ખુબ જ સારો પ્રતિસાદ મળ્યો છે. **આત્મન મેહતા, વિરામ મેહતા, શરદભાઈ જોશી અને સાથીદારો ના જેહેમતે 6 જૂનના રોજ આયોજિત પ્રીફર્ડ બિઝનેસ પાર્ટનર્સ મીટમાં 1000+ મુલાકાતીઓ આવ્યા હતા, જેમણે ભોજનનો આનંદ માણ્યો અને એક આશાવાદી ભવિષ્યની વચનબદ્ધતા સાથે વિદાય લીધી.**




કચ્છ રત્ન શ્રી રાહુલ જગન્નાથ જોશી
(મેનેજિંગ ડાયરેક્ટર - ઓસ્કાર ઇન્ફ્રાસ્ટ્રક્ચર)

બુકિંગ માટે : 022 4896 4892

# ક્લાસિફાઈડ્સ


## ક્લાસિફાઈડ્સ જાહેરાતના દર

ક્લાસિફાઈડ્સ જાહેરાતના પ્રથમ ૧૫ શબ્દોના રૂા. ૧૦૦ લેખે સ્વિકારવામાં આવશે. હેડીંગના રૂા. ૧૦ એક્સ્ટ્રા થશે. ૧૫ શબ્દો પછીના વધારાના દરેક શબ્દ દીઠ રૂા.૫ તરીકે લેવા આવશે. + ૫% જીએસટી અલગ લેવા આવશે. જાહેરાત સોમવાર સાંજ સુધી જ સ્વીકારવામાં આવશે. જાહેરાતનું લખાણ ઓફિસ પર ઉપલબ્ધ ફોર્મમાં જ લખી આપવાનું રહેશે.

**જાહેરખબર મોકલાવો - કાર્યાલયમાં આપો**

મુલુંડ ટાઈમ્સ પબ્લિકેશન સેન્ટર બી-૩, ક્રિષ્ણકુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, મુલુંડ(વે).

સંપર્ક : 9322257731
gurjarmat@gmail.com
www.facebook.com gurjarmat
www.gurjarmat.com


## ખાસ નોંધ

આ અખબારમાં પ્રગટ થતી કોઈપણ જા.ખ.ના આધારે કોઈને પણ પૈસા મોકલતા પહેલા, કોઈ ખર્ચ માથે લેતા પહેલા કે કોઈપણ પ્રકારનો કરાર કરતા પહેલા વાચકો પૂરતી પૂછપરછ કરી લે એવો તેમને અનુરોધ છે. એડવર્ટાઈઝરો દ્વારા પોતાની પ્રોડક્ટ અને સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તેના વિશે ગુર્જરમાત કોઈ જવાબદારી સ્વીકારતું નથી. એડવર્ટાઈઝરો પોતાના દાવામાં ખરા ન ઉતરે એવા સંજોગોમાં કોઈપણ પરિણામ માટે ગુર્જરમાતના માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

– વ્યવસ્થાપક


## Display Advt. Rates

**First colour Page**
Rs.**40/-** Per Sq.cm.
**Last colour Page**
Rs.**32/-** Per Sq.cm.
**Inner Colour Page**
Rs.**24/-** Per Sq.cm.


## શૈક્ષણિક

**French Classes**
I help you to learn French Language to it's best. Online and offline classes, Weekend Classes too, Acedemic wise classes, Levels exams till A2, Audio visual sessions and oral practice, Library facility available to borrow books. Call : **9821116175** 1163 (1374)

**English Grammar Tuitions Board: ICSE/CBSE**
Std.: 8th, 9th, 10th. Small Batches of 5-7 students Personalized Attention Regular Assessment and Mock Tests Whats App: **8169587673** Mulund West Batches start from 1st June 2024 1163 (1374)

## મહિલા માટે

**1+1 Free**
બ્રાઈડલ પેકેજ, બ્યુટી પેકેજ, બ્યુટી પાર્લર શીખો, કાન, કાણા પૂરાવો. ઘર બેઠા કરો. **9867094908, 9224751673** 163 (1384)

**ઘરઘંટીનો ભવ્ય શોરૂમ**
૮ વર્ષની ગેરેંટી દરેક પ્રકારની ઘરઘંટી ISI-ISO Service તથા Spare Available **Bhavana Sales / Service** Shop No. 55, Lalan Bldg., P.K. Road, Opp.Manoranjan Showroom, Panch Rasta, Mulund (W). **25933413, 9820055816** 1090 (1370)

## લગ્ન સંબંધી

**પૂજા મેરેજ બ્યુરો**
**મેળાપથી હસ્તમેળાપ સુધી**
ગુજરાતી, જૈન, કચ્છી, ભાનુશાલી સમાજના યુવક-યુવતીઓ માટે જીવનસાથી મેળવવાનું એકમાત્ર સ્થાન. દીકરીઓ માટે ફ્રી રજીસ્ટ્રેશન સંપર્ક : **88283 52585** કરી તમારા જીવનસાથીની શોધ પુરી કરો. 1227 (1376)

## ધંધાદારી

**કવર! કવર!! કવર!!!**
ટ્રોલી બેગ, ડાઈનીંગ ટેબલ, L.C.D. વોશીંગ મશીન, હોમ થીયેટર, ઓવન, કોમ્પ્યુટર, સાડી, ડસ્ટ પ્રોટેક્ટ કવર ઈન્ડિયન, ઈમ્પોર્ટેડ ટ્રાન્સપરન્ટમાં **સંપર્ક : ઈલાબેન પંડ્યા - 9224366624** 642 (1352)

એલ્યુમિનિયમ સ્લાઈડીંગ બારીઓ રીપેરીંગ અને નવી કરી આપશું. **સંપર્ક : ભરતભાઈ 0 9 7 3 0 4 0 2 8 7 9, 79772 67990** 6660 (1365)

**જુના કપડા વેચાતા લેશું**
જુના પેંટ, શર્ટ, સાડી, પંજાબીડ્રેસ જુની જરી બોર્ડરની સાડી, શેલા રોકડા પૈસાથી લેશું. **અજયભાઈ - 9833237011** 1091 (1344)

**મામલ ફુડસ R.H.B.Road**
કચ્છની મીઠી મધુર કેશર કેરી ૫ કિલોની પેકીંગ. સંપર્ક : **86938 35501** 063 (1354)

**પ્રતાપ પેકર્સ એન્ડ મુવર્સ**
૪૯ વર્ષથી ઓફિસ ઘર સામાન, કાર, હોમ ટુ હોમ. **9920955291, 98210 70320, 9821543816 લલીતભાઈ ઠક્કર** 031 (1378)

**વોશીંગ મશીન રીપેરીંગ**
શું આપનું વોશીંગ મશીન માઈક્રોવેવ ઓવન LCD, LED, T.V., બગડી ગયું છે? બોલાવો પ્રેમલ શાહને ઘરે આવીને રીપેર કરી આપશું. **પ્રેમલ શાહ : 9892020358** 916 (1365)

**Jainam Publicity**
પેપરોમાં મરણનોંધ, શ્રધ્ધાંજલિ આપવા દોડાદોડી કરશો નહિં, ફક્ત Whatsapp કરો. **9619160611, 9323804751** 000 (1335)

**Mosquito Net/Invisible Grill**
Mosquito net safety from mosquito there protect from mosquito virus. Material section alluminium net pvc polyster+nylon coatin. Invisible Grill grill protect from bird material stainless steel+0.5 nylon coating cloth hanger available in different sizes, bird sipeks now available protect from bird. Contact : **Deven Gala- 8369279509** 6291 (1337)

## ધંધાદારી

**RVS Pest Control**
Fast Relief From Termite, Bedbugs, Cockroaches, Rats, General Injection etc. With Full Guarantee. **90048 88384, 98333 31222** (1363)

## નોકરી સંબંધી

**એકાઉન્ટન્ટ**
એકાઉન્ટ ફાઈનલાઈજેશન સુધી તથા ઈન્કમટેક્સ, ઝીએસટી, ટેલી જાણકાર ફુલ ટાઈમ ઓફિસ માટે જોઈએ છે. હવા મંજીલ, મહાગીરી, થાણા (વે). **9987332638** સમય : ૧૦ થી ૭ 6289 (1339)

Job in Insurance Sector Call : **9773661090**

**મેડીક્લેઈમ પોલીસી**
ફેમીલી ફ્લોટર મેડીક્લેઈમ પોલીસી ૫ લાખથી ૧ કરોડ ઉંમર ૦ થી ૭૫ વર્ષ મેડીકલ રીપોર્ટ વગર, કેશલેશ કાર્ડ સાથે પોર્ટેબીલીટી મળશે. વધુ વિગત માટે **દીલીપભાઈ-91366 21227** 6702 (1338)

## જગ્યા સંબંધી

વન બેડ 365/95 હાયર ફ્લોર (88 સુધી શક્યતા) 534 કારપેટ માસ્ટર બેડ પાર્કીંગ OC 27000 ભાવથી/૨ બેડ 130, 159, 170/૩ બેડ 195, 260 (235-240 સુધી શક્યતા) વન RK, 55, 65, 70 કન્વડ ૧ બેડ 79/ ૪ બેડ 1800 ૨ પાર્કીંગ ફરનીસ્ટ ૩૦ માળ ઉપર 575/ ઈન્ડ. ગાળો 1135-180-2500-270 તેમજ ભાડે લેવા આપવા. **સંપર્ક : અતુલ કતીરા - 9821180931 8779441915** 131 (1382)


## જ્યોતિષશાસ્ત્ર

૩૦ વર્ષોના વિશાળ અનુભવી મુંબઈના સુવિખ્યાત અને લોકપ્રિય જ્યોતિષ વિશારદ શ્રી સમીર સેજપાલ દ્વારા તમને મુંઝવતા તમામ પ્રશ્નો અંગે સ્પષ્ટ અને સચોટ માર્ગદર્શન તથા નિરાકરણ મેળવો.

**સમીર સેજપાલ**
(જ્યોતિષભાસ્કર, હોરાભૂષણ, જ્યોતિષરત્ન, જ્યોર્તિજ્ઞાતા, વાસ્તુશાસ્ત્રી)
મોબાઈલ : 98192 98404 (એપોઈમેન્ટ જરૂરી)


## જગ્યા સંબંધી

**મુલુંડ(વેસ્ટ)**
**રૂનવાલ પ્રાઈડ**
**આર મૉલ, એલબીએસ રોડ અને**
**મણિભદ્ર ટાવર**
**2 BHK વેચાણાર્થે એરિયા ૭૦૦ કારપેટ**
**સંપર્ક : નિલેશ 9323901171 • 8779897074**

**Oberoi Eternia**
3 BHK Unfurnished/ Semi-Furnished, Ready to move in apartments available for Sale/Rent. Contact : **9224944922, 9833726529** 6697 (1384)

**Oberoi Enigma**
3 BHK / 4 BHK Unfurnished/Semi-Furnished, Ready to move in apartments available for Sale/Rent. Contact : **9224944922, 9833726529** 6698 (1384)

Offer by a highly reputed developer 1 BHK @ 80 L* located in Mulund West, close to the station, featuring luxurious amenities. Also available, 1 BHK @ 65 L* in Bhandup West. Contact : **8591561933 / 9022687343** 221 (1338)

**શ્રી એસ્ટેટ એજેન્સી**
ઘર, મકાન, દુકાન, પ્લોટસ લેવા અથવા વેચવા સંપર્ક કરો. **9324017291, 98700 56751** 034 (1379)

**2 BHK મુલુંડ વેસ્ટ વેચાણથી**
દેવિદયાલ રોડ, વૂડલેન્ડ હોટેલની સામે, નવો ટાવર, ૨૦ + ફ્લોર, ૧ પાર્કીંગ કવરડ સાથે, 2.18 cr. slightly negotiable. ડાયરેક્ટ ઓનર **વિનોદભાઈ- 8291180428** 6707 (1337)

## ધંધાદારી

**મુલુંડ વેસ્ટમાં જેન્ટસ વેરનું બમ્પર સેલ સેલ સેલ**
પ્લસ સાઈઝની કોટન પેન્ટની અઢળક વેરાયટીઓ જોવા ખાસ પધારો. હોલસેલ ભાવમાં રીટેલ જેન્ટસ વેરમાં બ્રાન્ડેડ ફેબ્રીકમાં કોટન પેન્ટ, હોઝીયરી ટ્રેક પેન્ટ, બર્મુડા, જીન્સ (28 to 50), શર્ટ, ટી-શર્ટ (M to 8 XL) સાઈઝમાં અનેક વેરાયટીઓ ઉપલબ્ધ. ઓફર શર્ટ રૂા.૩૦૦/-થી શરૂ. સિલેક્શન મેન્સ વેર, ગાલા નં.૫૪, રાજા ઈન્ડસ્ટ્રીયલ ઈસ્ટેટ, પી.કે. રોડ, મુલુંડ (વે), મુંબઈ-૮૦. સમય ૧૦ થી ૭. સોમવાર બંધ. સંપર્ક : **દીપેન ભેદા- 9137501277** (1337)

પાણી અપાર
સમુદ્રમાં, ઉધાર
એ નદીઓનું.

જે સવારને
ભરપૂર માણશે?
સાંજ સોનેરી.

રાષ્ટ્રભાષા તો
હિંદી છે, ભારતની
એ જ બિંદી છે.

કેવા ઓ ફોન?
સંબંધો ધીરે ધીરે
બનશે મૌન.

આવે ઓટ, જો
હૈયે વેદના ભર્યો
મહેરામણ.

કાળા વાદળાં
વગર વઢ્યે પણ
રડી પડતા!

ફરી ચૂંટણી?
માછલાં સપડાય
આશ્વાસનમાં.

**હાઈકુ**



કવિયત્રી
મંજુલા રંભિયા

પોસ્ટ ખાતાની વિવિધ બચત તેમજ વીમા યોજના માટે
• કિસાન વિકાસ પત્ર (KVP)
• નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ (NSC)
• મન્થલી ઈન્કમ સ્કીમ (MIS)
• રીકરીંગ ડિપોઝીટ (RD)
• સુકન્યા યોજના વિગેરે માટે
રાજલ જીગર ચંદે
9920014863


# ગુર્જરમાત


/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26



અન્નદાન – મહાદાન
આઈડીયલ હોમ વેલફેર ચેરીટેબલ ટ્રસ્ટ®
@ હેપી ફ્રીજ
સંપર્ક : 79771 17894



વર્ષ : ૨૭ • અંક : ૨૧ • સળંગ અંક : ૧૩૩૭ • મુંબઈ • બુધવાર • તા.૧૨ જૂન – ૧૮ જૂન ૨૦૨૪ • કુલ પાના : ૨૦+૪=૨૪ • કિંમત રૂ.૫.૦૦



ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.

Click for more details

1st February - 30th June 2024

With LOWEST INTEREST Rates, we are still very much Co-operative

HOME LOAN
CAR LOAN
eAUTO LOAN
2 WHEELER LOAN
*7.49% (p.a.)
GOLD LOAN
COMMERCIAL VEHICLE LOAN
EDUCATION LOAN
LOAN AGAINST INSURANCE POLICY

*ROI linked to the CIBIL score. Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

SADA AAPKE SANG, ARIHANT
www.arihantbank.com @ Arihant Bank

### અસાધ્ય બિમારી ઉપર વિજય મેળવી

# નવજીવન સમાજસેવાને સમર્પિત કરતાં ભરતભાઈ છેડા



જૂન ૨૦૨૩

**આરોગ્ય સેવા અને જીવદયા ક્ષેત્રે સંનિષ્ઠ સેવામાં સતત કાર્યરત, લાયન્સ ક્લબ ઓફ મુલુંડના નવનિર્વાચિત પ્રમુખ ભરતભાઈ છેડાની સેવા ભાવનાને શત શત અભિનંદન!**



જૂન ૨૦૨૪

ભરતભાઈ છેડા કહીએ તો ઘણાને એ નામ કદાચ અજાણ્યું લાગે પરંતુ મુલુંડ સ્ટેશનની લગોલગ આવેલ મુલુંડની ઓળખ સમી રોક્સી લાયબ્રેરીવાળા કાંતિભાઈના પુત્ર ભરતભાઈ કહીએ તો જ્વલ્લે જ કોઈ મુલુંડવાસી હશે જે એમને ન ઓળખતું હોય! ૧૯૬૭માં સ્થાપિત રોક્સી લાયબ્રેરીએ મુલુંડની અનેક પેઢીઓને વાંચતી કરી છે.

એક સફળ વ્યવસાયિક હોવા સાથે ભરતભાઈ નખશીખ સમાજસેવક છે. વ્યક્તિગત રીતે તેમ જ લાયન્સ ક્લબ ઓફ મુલુંડના માધ્યમથી તેમનો સેવાયજ્ઞ વર્ષોથી અવિરત ચાલતો રહ્યો છે. લાયન્સ ક્લબ ઓફ મુલુંડએ તેમની દીર્ઘકાળની સેવાઓની કદર રૂપે લાયનિસ્ટિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે પ્રેસિડેન્ટ નિમ્યા છે તે બદલ ગુર્જરમાત પરિવાર તરફથી મબલખ અભિનંદન અને શુભકામનાઓ.

ભરતભાઈને ૨૦૨૩માં કેન્સર ડીટેકટ થયું. પરંતુ તેનાથી ગભરાયા વિના સારવારની સાથે હિંમત અને આત્મબળથી તેના ઉપર વિજય મેળવ્યો. સ્વસ્થ થયા પછી હવે મળેલા નવજીવનમાં અધિક ઉત્સાહથી સમાજસેવા કરવાનો નિશ્ચય ભરતભાઈએ કર્યો છે અને લાયન્સ ક્લબ ઓફ મુલુંડના માધ્યમથી આરોગ્ય અને જીવદયા સહિત અનેક ક્ષેત્રે મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ પર સેવાકાર્ય કરી રહ્યા છે. કઠીન પરિસ્થિતિને સંઘર્ષથી પછાડીને સેવાભાવનાની જ્યોત જીવંત રાખનાર ભરતભાઈને સો સો સલામ!

૧ જુલાઈ ૨૦૨૪થી જયારે ભરતભાઈ લાયન્સ ક્લબ ઓફ મુલુંડનું પ્રમુખપદ વિધિવત સંભાળશે ત્યારે ગુર્જરમાત તેમને અપ્રતિમ સમાજસેવા દ્વારા આ પદને રોશન કરે એવી શુભચ્છાઓ પાઠવે છે.

## ડૉ. યશ જયંત વિસનજી છેડા

Prime Location Devidayal
Sold Out
~~2 BHK 600 cpt @ 1.40 cr.~~
2 BHK 715 cpt @ 1.70 cr.
3 BHK 960 cpt @ 2.40 cr.
RTMI, નવું બિલ્ડિંગ,
રેડી પઝેશન, દલાલ આવકાર્ય.
90226 87343
83697 71377

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

PRIME PEST CONTROL
BMC Approved
Pest Control &
Also Services For
Mosquito & Bird Netting
TO BOOK YOUR SERVICE
80705 23555 / 666 / 777 / 888 / 999
primepestcontrolserve@gmail.com
www.primepestcontrolservices.com
Branch : Mulund (West), Mumbai - 400 080.
Head Office : Dadar (West), Mumbai - 400 028.

વર્ષ : ૨૭ ● અંક : ૨૧ ● સળંગ અંક : ૧૩૩૭ ● મુંબઈ ● બુધવાર ● તા.૧૨ જૂન – ૧૮ જૂન ૨૦૨૪ ● કુલ પાના : ૨૦+૪=૨૪ ● કિંમત રૂ.૫.૦૦

# કલ્પ નગરી જૈન ગૃહ જિનાલયમાં ૨૧મો ધ્વજામહોત્સવ સંપન્ન





કલ્પ નગરી જૈનગૃહ જિનાલયમાં સોમવાર, તા.૧૦ જુલાઈ ૨૦૨૪ના રોજ ૨૧મો ધ્વજામહોત્સવ સંપન્ન થયો હતો. જેમનું આ ગૃહ જિનાલય છે તે નિર્મલ ડેવલોપર્સના ધર્મેશભાઈ જૈનએ આ ધ્વજા મહોત્સવનો લાભ લીધો હતો. ભુવનભાનુસમુદાયના આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પન્યાસ શ્રી સત્વોબોધિ મ.સા.ની પધરામણીથી આ પ્રસંગ શોભી ઉઠયો હતો.

ધર્મેશ પ્રોપર્ટી ઘેટીવાલા
• 3 & 2 BHK ઝવેર રોડ
• 3 BHK દેવીદયાલ ગાર્ડન પાસે
• 1 BHK નવી બિલ્ડીંગમાં 1.05 Cr.
દેવીદયાલ ગાર્ડન પાસે, મુલુંડમાં
8169222044



30 YEARS OF EXCELLENCE AND DELICACIES.
- Enjoy the luxury of the Revamped and Enhanced Kalidas Marriage Hall
- 7 comfortable rooms are available for your outstation guests to unwind in.
- Experience the Grand Royal Ambience with modern amenities.
- Capacity of 300 to 800 guests with 550 seating capacity.
- Ample parking space.
DhanRaj HOSPITALITY
Contact us on- +91 8080 3888 08 | +91 771 888 555 0/5



Wedding
the golden moments
of celebrating together...
Wedding Packages
to suit all your Requirements
Celebrations with Best Venue & Menu • 10 AC Halls • Valet Parking
Events & Decorations all under one roof • No hidden charges
T&C apply
BOOK YOUR DATES NOW
Trust meets Tradition
L.B.S. Marg, Near Teen Hath Naka,
Thane (W), Tel.: 80822 33333/022 6793 5516
www.hoteltiptopplaza.in
info@hoteltiptopplaza.in
HOTEL Tip Top PLAZA
ROOMS • RESTAURANT • BANQUETS
Impulse/06/24

# વિધાનસભા ચૂંટણીમાં સમીકરણો બદલાશે?




કેન્દ્રમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં લગાતાર ત્રીજી વખત એનડીએ સરકાર તો બની ગઈ, પરંતુ રવિવારના આયોજિત શપથ ગ્રહણ સમારોહ બાદ ક્યાંક ક્યાંક અસંતોષના સ્વરોનો ગણગણાટ પણ સંભળાઈ રહ્યો છે. અજીત પવારના નેતૃત્વવાળી એનસીપી એ તેમને ઓફર કરાયેલું રાજ્યમંત્રી પદ સ્વીકારવાનો ઇનકાર કરી દીધો છે. જોકે આ બાબતે વિવાદની આશંકા હાલ પુરતી તો નથી. એનસીપીનું કહેવું છે કે તેમના તરફથી મંત્રીમંડળમાં સામેલ કરવા માટે પ્રફુલ્લ પટેલનું નામ સૂચવવામાં આવ્યું હતું જે ભૂતકાળમાં કેન્દ્રના કેબિનેટ પ્રધાન રહી ચૂક્યા છે. એટલે રાજ્યમંત્રી પદ તેમને માટે યોગ્ય પદ નથી. બીજેપીએ આ દલીલનો સ્વીકાર કરીને તેમને થોડા દિવસ રાહ જોવા કહ્યું છે જેના માટે એનસીપી તૈયાર છે. એટલે તો આ બાબતે હાલ તુરત તો પડદો પડી ગયો છે. આ ઉપરાંત શિંદેની શિવસેનાને લોકસભાની ચૂંટણીમાં ૭ બેઠકો મળી હોવા છતાં પ્રધાનમંડળમાં ફક્ત એક રાજ્યપ્રધાનની કક્ષાનું ખાતું મળ્યું છે તે બાબતે પણ શિંદેસેનામાં અસંતોષ હોવાના સૂર સંભળાઈ રહ્યા છે.

આના ઉપરથી કહી શકાય કે આ સત્તારૂઢ ગઠબંધનમાં ઉપર-ઉપરથી બધું ઠીક દેખાય છે, તે છતાં મહારાષ્ટ્રમાં રાજકીય તોફાન આવવાના અણસાર દેખાઈ રહ્યા છે. આની પાછળ સૌથી મોટું કારણ એ છે કે ઓક્ટોબર ૨૦૨૪માં મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી થવાની છે. લોકસભાની ચૂંટણીના પરિણામોએ જ્યાં વિપક્ષી મહાવિકાસ આઘાડીનો ઉત્સાહ વધારી દીધો છે, ત્યાં સત્તારૂઢ મહાયુતિમાં આ બાબતે ચિંતા થઇ રહેલી જોઈ શકાય છે.

૨૦૧૯ની વિધાનસભા ચૂંટણી બીજેપી અને શિવસેનાએ કોંગ્રેસ અને એનસીપીના ગઠબંધન સામે લડી હતી. ચૂંટણીના પરિણામો આવ્યા બાદ શિવસેનાએ કોંગ્રેસ અને એનસીપી સાથે મળીને સરકાર બનાવી. એના બે-અઢી વર્ષો બાદ એકનાથ શિંદેના નેતૃત્વમાં શિવસેનાનું એક જૂથે બીજેપી સાથે મળીને અને બંનેની સરકાર બની. પછી અજીત પવારના નેતૃત્વમાં એનસીપીનું એક જૂથ પણ એ સત્તારૂઢ ગઠબંધનમાં જોડાઈ ગયું. સ્વાભાવિક છે કે ત્યાર પછી અસલી શિવસેના અને અસલી એનસીપીનો સવાલ ઊભો થયો. જો હાલની લોકસભા ચૂંટણીને આધાર માનીએ તો જનતાનો ફેંસલો ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વવાળી શિવસેના અને શરદ પવારના નેતૃત્વવાળી એનસીપીના પક્ષમાં આવ્યો છે. શિવસેના (UBT)ને ૯ અને એનસીપી (શરદ પવાર)ને ૮ બેઠકો મળી છે, જ્યારે શિંદેની શિવસેનાને ૭ અને અજીપ પવારની એનસીપીને ફક્ત ૧ બેઠકથી સંતોષ માનવો પડ્યો છે.

વિધાનસભાની ચૂંટણીમાં વોટિંગ લોકસભાના ધોરણે થાય એ જરૂરી નથી, જેન લીધે દરેક પક્ષનું ધ્યાન વિધાનસભાની ચૂંટણીના સમીકરણો સાધવામાં લાગ્યું છે. શું એને લીધે મહારાષ્ટ્રમાં ફરી એક વાર કોઈ મોટી ઉથલપાથલ જોવા મળશે? આ બાબતે હાલ કોઈ ધારણા કરવી ખૂબ જલ્દી છે, આવનારા સમય અને મહારાષ્ટ્રની જનતા પાસેથી જ આ પ્રશ્નનો જવાબ મળશે.

## ધગશ અને એકાગ્રતાથી કરેલા અભ્યાસે અપાવી ઝળહળતી સફળતા

# મુલુંડના ધ્રુવિન દોશી JEE એડવાન્સ્ડ એક્ઝામમાં દેશભરમાંથી ટોપ ટેનમાં સ્થાન મેળવ્યું!




ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજી (IIT)એ માત્ર ભારતની જ નહીં, પરંતુ વિશ્વની શ્રેષ્ઠ શૈક્ષણિક સંસ્થાઓમાંની એક છે. આ પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ મેળવવા માટે અવિરત અભ્યાસ અને અડગ એકાગ્રતા માગી લેતી જોઈન્ટ એન્ટ્રન્સ એક્ઝામિનેશન (JEE) ક્લિયર કરવી પડે છે. સર્વ મુલુંડવાસીઓ માટે ગૌરવ અને આનંદની વાત છે કે રવિવારે જાહેર થયેલા જોઈન્ટ એન્ટ્રન્સ એક્ઝામિનેશન (JEE-એડવાન્સ્ડ)ના પરિણામોમાં ધ્રુવિનએ ૩૬૦માંથી ૩૨૯ માર્ક્સ મેળવી દેશભરમાંથી ૯મો રેન્ક પ્રાપ્ત કરીને ટોપ ટેનમાં સ્થાન મેળવ્યું છે, એટલું જ નહીં, સમગ્ર મુંબઈમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને ઝળહળતી સિદ્ધી મેળવી છે. આઈઆઈટીમાં અભ્યાસ કરીને ધ્રુવિન કોમ્પ્યુટર એન્જિનિયરિંગ કરવા માગે છે. JEE માટે ધ્રુવિનએ અંધેરી સ્થિત શ્રી ચૈતન્ય એજ્યુકેશનલ ઇન્સ્ટીટ્યુશન્સમાં કોચિંગ મેળવ્યું હતું.

મુલુંડ (વેસ્ટ) સ્થિત લોક એવરેસ્ટ કોમ્પ્લેક્સમાં રહેતા મુળ સાવરકુંડલાના ઘોઘારી જૈન જ્ઞાતિના ધ્રુવિનના પપ્પા હેમંત દોશી એનેસ્થિસ્ટ ડોક્ટર છે અને મમ્મી કાજલબેન ડેન્ટીસ્ટ છે. મમ્મી-પપ્પા બન્ને ડોક્ટર હોવા છતાં તું એન્જીનીયર બનવા કેમ માગે છે એના જવાબમાં ધ્રુવિને જણાવ્યું હતું કે મને બાયોલોજી કે મેડિસિનમાં ક્યારેય રસ નહોતો. તેથી, મેં વિચાર્યું કે શા માટે એન્જિનિયરિંગનો પ્રયાસ ન કરવો? જોકે પરિણામ આનંદદાયક છે. વધુમાં ધ્રુવિનએ કહ્યું કે તે તેની તૈયારીના આધારે ટોચના ૬૦માં સ્થાન મેળવવાની અપેક્ષા રાખતો હતો, પરંતુ ટોપ ટેનમાં સ્થાન મેળવીને હું અત્યંત ખુશ છું.




JEEની તૈયારી કરવા ધ્રુવિન કોચિંગ ક્લાસીસની હોસ્ટેલમાં રહ્યો હતો તે અંગે વિગતવાર જણાવતાં ધ્રુવીનએ કહ્યું કે, JEEની તૈયારી માટેનો કોર્સ બે વર્ષનો હતો, પ્રથમ વર્ષ હું અભ્યાસ માટે મુલુંડથી અંધેરી જતો હતો. પરંતુ બીજા વર્ષે, મુલુંડના કેટલાક મિત્રો સાથે, અમે હોસ્ટેલમાં શિફ્ટ થવાનું નક્કી કર્યું કે જેથી દરરોજ મુસાફરીમાં સમય અને શક્તિનો વ્યય ન થાય. આ સમગ્ર સમય દરમ્યાન મારી સાથે મિત્રો હોવાનો મને આનંદ છે. કોઈપણ જગ્યાએ એકલા સ્થળાંતર કરવાનો સવાલ જ નહોતો કારણ કે તે ફક્ત માનસિક તણાવ (સ્ટ્રેસ)માં વધારો કરે છે.

પોતાની સફળતાના રહસ્ય અંગે ધ્રુવિન જણાવે છે કે, સફળતા પ્રાપ્ત કરવા માટે તમારા શ્રેષ્ઠ પ્રયાસો આપવા મહત્વપૂર્ણ છે. પરંતુ એકવાર તમે તમારું ૧૦૦ ટકા આપી દો, પછી રીલેક્સથઇ જાવ અને પરિણામ જે આવે તે સ્વીકારો. પરિણામ અંગે સતત ચિંતા કરવી મદદરૂપ થશે નહીં.

ધ્રુવિન પાસે સ્માર્ટફોન છે પરંતુ તેણે સભાનપણે કોઈ પણ સોશિયલ મીડિયા એપ્લિકેશન ડાઉનલોડ ન કરવાનું નક્કી કર્યું જેથી તે અભ્યાસમાંથી વિચલિત ન થઈ શકે. રીલેક્સ થવા માટે ધ્રુવિન મિત્રો સાથે વાત કરતો અને તેમની સાથે ક્રિકેટ રમતો. તે મોબાઈલ ફોનનો ઉપયોગ માત્ર મિત્રો, સહાધ્યાયીઓ અને મમ્મી-પપ્પા સાથે વાત કરવા કે મેસેજ મોકલવા માટે કરતો હતો. તે દિવસમાં ૧૦થી ૧૧ કલાક અભ્યાસ માટે ફાળવતો. પરિણામ આવ્યા પછી ધ્રુવિન હવે ખુશ છે કારણ કે તેને લાગે છે કે તેની મહેનત રંગ લાવી છે અને તે IIT બોમ્બેની CSE બ્રાન્ચમાં પ્રવેશ મેળવી શકશે.

શિક્ષણક્ષેત્રે અનુપમ સિદ્ધિ મેળવીને મમ્મી-પપ્પા, પરિવાર અને સમસ્ત મુલુંડનું નામ રોશન કરનાર ધ્રુવિન દોશીને ગુર્જરમાત શત શત અભિનંદન આપે છે અને ભવિષ્યમાં ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામનાઓ પાઠવે છે.

## નેશનલ મેડિકલ કમિશનરનો આદેશ : તબીબી સારવાર માટે આયુષ્યમાન ભારત કાર્ડ જરૂરી

નેશનલ કમિશન ફોર મેડિકલ સાયન્સની તાજેતરમાં યોજાયેલી ૧૪મી બેઠકમાં તમામ મેડિકલ કોલેજો અને દેશમાં સંલગ્ન હોસ્પિટલોમાં બહારના દર્દીઓ વિભાગ, ઇનપેશન્ટ વિભાગ, અકસ્માત વિભાગ અને ઇમરજન્સી વિભાગમાં સારવાર માટે આવતા દર્દીઓની પૂર્વ નોંધણી માટે આયુષ્યમાન ભારત કાર્ડ ફરજિયાત બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેથી દર્દીઓની નોંધણી કરતી વખતે હોસ્પિટલના નોંધણી નંબર સાથે આયુષ્યમાન ભારત કાર્ડ નંબરની જરૂર પડશે. મેડિકલ વાર્ષિક નવીકરણ અંગે નિર્ણય લેવામાં દર્દીઓની સંખ્યા અને હોસ્પિટલમાં સારવાર માટે ઉપલબ્ધ સુવિધાઓને ધ્યાનમાં લેવી જરૂરી છે. આ માટે દર્દીઓની માન્ય નોંધણી જરૂરી છે. તેથી, કમિશને દર્દીની નોંધણી માટે આયુષ્યમાન ભારત કાર્ડ ફરજિયાત બનાવવાનો નિર્ણય લીધો છે.

આયુષ્યમાન ભારતકાર્ડ બનાવવાની પ્રક્રિયા સરળ છે, આધાર કાર્ડની મદદથી આયુષ્યમાન ભારત કાર્ડ બનાવવું સરળ છે. ઉપરાંત, આજકાલ નાગરિકો માટે આયુષ્યમાન ભારત કાર્ડ ઉપલબ્ધ હોવાથી આ પ્રક્રિયા અમલમાં મૂકવી સરળ બનશે. તેથી, વર્ષ ૨૦૨૫-૨૬ અને તે પછી, દર્દીઓ માટે આયુષ્યમાન ભારત કાર્ડની નોંધણી અને સંબંધિત તબીબી સામગ્રીને મૂલ્યાંકનના નિર્ણયો માટે ધ્યાનમાં લેવામાં આવશે. દરમિયાન, આયોગે એવી પણ સ્પષ્ટતા કરી છે કે આયુષ્યમાન ભારત કાર્ડ વિના કોઈપણ દર્દી સારવારથી વંચિત ન રહેવું જોઈએ.

# નવનિર્વાચિત સાંસદ સંજય પાટીલને કોંગ્રેસ પક્ષ અગ્રણીઓએ સન્માનિત કરી અભિનંદન આપ્યા



ઈશાન મુંબઈ વિભાગમાં સાંસદ તરીકે એક દાયકા પછી પુનઃવિજેતા થનાર સંજય દિના બામા પાટીલના ભાંડુપ સ્થિત કાર્યાલયમાં વિવિધ સામાજિક અને રાજકીય સંગઠનોએ શાલ અને પુષ્પગુચ્છ આપી શુભેચ્છા સાથે સન્માનિત કરી અભિનંદન આપ્યા હતા.

મહાવિકાસ આઘાડીના ઘટક પક્ષ કોંગ્રેસના વરિષ્ઠ અગ્રણી ડૉ.બાબુલાલ સિંહ, મહારાષ્ટ્ર કોંગ્રેસ ઉત્તર ભારતીય સેલના ઉપાધ્યક્ષ અબુ સુફિયાન અન્સારી, મહાસચિવ ડૉ.સચિન સિંહ, સમતા હોકર્સ યુનિયન મુંબઈના અધ્યક્ષ શરીફ ખાન, મહાસચિવ સલમા શેખ, સચિવ ફિરોઝ અહમદ ખાન, હૃદય નારાયણ સિંહ, પરેશ રામાણી, સાકિર અલી વિગેરેએ ભાવપૂર્વક સંસદ સભ્ય સંજય પાટીલનું સન્માન કરી અભિનંદન આપ્યા હતા.

PART TIME JOB
A REPUTED MNC REQUIRE
Retired / VRS / House Wives / Senior Citizen to Start Second Innings
Age 30 to 70 Years
Earn Rs.30,000 to 1,00,000+ PF + Medical + Gratuity
Call: 98199 11819



Nikita Yadav
Mob.: 7021817988
NIKITA MEHENDI
Indian Mehendi
Arabic Mehendi
Floral Mehendi
Home Service Available

# મુંબઈમાં ચોમાસામાં ભરતી દરમ્યાન ઊંચા મોજા ઊછળશે



ચોમાસામાં સમુદ્રમાં મોટી ભરતીના દિવસે મુંબઈમાં જોરદાર વરસાદ પડે તો શહેરમાં પાણી ભરાઈ જવાની શક્યતા હોય છે, કારણ કે ઃએ સમયે બૃહનમુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા) ફ્લડ ગેટ બંધ કરી દેતી હોય છે. એનો અર્થ એ થયો કે આવા સમયે શહેરનું પાણી સમુદ્રમાં છોડી શકાતું નથી અને આવા સમયે જોરદાર વરસાદ પડયો તો શહેર જળબંબાકાર થવાની ભારોભાર શક્યતા હોય છે. આ વર્ષે ચોમાસામાં સાડાચાર મીટર કરતાં વધુ ઊંચાં મોજાં ઊછળવા સાથે મોટી ભરતીના દિવસ અને સમય નીચે મુજબ છે.

રવિવાર ૨૩ જૂન, બપોરે ૧.0૯, સોમવાર ૨૪ જૂન, બપોરે ૧.૫૩ મંગળવાર ૨૫ જૂન, બપોરે ૨.૩૬, સોમવાર ૨૨ જુલાઈ, બપોરે ૧૨.૫0 મંગળવાર ૨૩ જુલાઈ, બપોરે ૧.૨૯ બુધવાર ૨૪ જુલાઈ, બપોરે ૨.૧૧, ગુરૂવાર ૨૫ જુલાઈ, બપોરે ૨.૫૧

સોમવાર ૧૯ ઓગસ્ટ, સવારે ૧૧.૪૫ મંગળવાર ૨૦ ઑગસ્ટ, બપોરે ૧૨.૨૨, બુધવાર ૨૧ ઑગસ્ટ, બપોરે ૧૨.૫૭ અને મધરાત બાદ ૧.૧૮, ગુરુવાર ૨૨ ઑગસ્ટ, બપોરે ૧.૩૫ અને મધરાત બાદ ૨.0૩, શુક્રવાર ૨૩ ઑગસ્ટ, બપોરે ૨.૧૫

મંગળવાર ૧૭ સપ્ટેમ્બર, સવારે ૧૧.૧૪ બુધવાર ૧૮ સપ્ટેમ્બર, સવારે ૧૧.૫0 અને રાત્રે ૧૨.૧૯, ગુરુવાર ૧૯ સપ્ટેમ્બર, બપોરે ૧૨.૨૪ અને મધરાત બાદ ૧.0૩, શુક્રવાર ૨0 સપ્ટેમ્બર, બપોરે ૧.0૨ અને મધરાત બાદ ૧.૪૭, શનિવાર ૨૧ સપ્ટેમ્બર, બપોરે ૧.૪૨ અને મધરાત બાદ ૨.૩૩




# મુલુંડમાં મુનિ કમલકુમારસ્વામી મ.સા.ના સાંનિધ્યમાં શ્રાવક સંમેલનનું આયોજન થયું



મુલુંડમાં મુનિ કમલકુમાર સ્વામીના સાંનિધ્યમાં ક્ષેત્રીય શ્રાવક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં મુનિશ્રીએ કહ્યું હતું કે શ્રાવક શ્રાવિકાઓનો સહયોગ મળવાથી જ સાધુ સાધ્વીઓ સંયમ પાળી શકે છે. શ્રાવક શ્રાવિકાઓને એટલે જ માતા પિતા તુલ્ય કહેવામાં આવે છે. શ્રાવકોનું જીવન વ્યસન મુક્ત અને સાધના યુક્ત હોવું જોઈએ. પ્રત્યેક શ્રાવક શ્રાવિકા પોતાના બાળકોને સંસ્કારી બનાવવા પ્રયત્નશીલ બને, જેથી પરિવાર અને ધર્મ સંઘની ગરિમા-મહિમા વધારવામાં તેઓ સહયોગી બની શકે. ઉપાસક શ્રેણી, જ્ઞાનશાળા, પ્રેક્ષાધ્યાન, યુવક પરિષદ, મહિલા મંડળ, કિશોર મંડળ અને કન્યા મંડળમાં પણ શ્રાવક શ્રાવિકાઓનો ઉચિત સહયોગ મળે ત્યારે જ સહુ સક્રિય અને ગતિશીલ બની શકે છે. આ સંમેલનમાં ગણપતલાલ ડાગલિય અને સલિલ સોઢાએ પણ પોતાના વિચારો રજૂ કર્યા હતા. સભાધ્યક્ષ વિનતીલાલ મેહતાએ કારોબારીની ઘોષણા કરી હતી જેમાં મંત્રી મહેન્દ્ર સાંખલા, ઉપાધ્યક્ષ હસ્તીમલ સોની, સુરેશ ચોરડિયા, ખજાનચી મૂલચંદ ધાકડની નિમણૂક કરવામાં આવી હતી.

# સુંદરજીભાઈ શાહે ૮૩મો જન્મદિવસ દિવ્યાંગો સાથે મનાવ્યો



તા.૬ જૂનના રોજ મુલુંડના જાણીતા દાનવીર સણોસરા ગામના 'ભામાશા' સુંદરજીભાઈ શાહે પોતાનો ૮૩મો જન્મદિવસ દિવ્યાંગ બાળકો સાથે કેક કાપીને મનાવ્યો હતો. એરોલીથી મુલુંડ જી.વ્હી.સ્કીમ મ.ન.પા. શાળા સુધી સ્લમ વિસ્તારના ગરીબ બાળકોના મસીહા બની ફ્રી 'બેસ્ટ' સેવા ૨૦૧૩થી આજ દિન સુધી ચાલુ રાખવવામાં રાષ્ટ્રીય રાજ્ય પુરસ્કાર પુરસ્કૃત શિક્ષિકા શ્રીમતી ભાવનાબેન જયંતકુમાર શેઠને સિંહફાળો આપનારા 'ભામાશા' સુંદરજીભાઈ શાહને સન્માન ચિન્હ અર્પણ કરી, ભાવનાબેને જન્મ દિવસની મુબારકબાદી આપી, સુંદરજીભાઈનો આભાર વ્યક્ત કર્યો હતો. આ તબક્કે મુલુંડ ક.વિ.ઓ.સમાજના જાણીતા કચ્છી કવિ મણિલાલ રાંભિયા (અક્ષ) હાજર રહી, મુલુંડ 'ફ્રી' બેસ્ટ સેવાના પ્રથમ પ્રણેતા સુંદરજીભાઈને જન્મદિનની શુભેચ્છા અર્પણ કરી હતી તથા ગરીબ અને દિવ્યાંગ બાળકો માટે તન, મન, ધનથી સેવા આપનારા શ્રીમતી ભાવનાબેનને પણ બિરદાવ્યા હતા. દસ વર્ષ પહેલા લાખેણું દાન આપી ગરીબ બાળકો માટે સુંદરજીભાઈએ મુલુંડમાં પ્રથમ બેસ્ટ બસ શરૂ કરાવી તથા તે વખતના બેસ્ટ સમિતિના ચેરમેન એમ.એલ.એ પાટીલ સાહેબની મદદથી 'ફ્રી' કરાવવા માટે ખૂબજ કષ્ટ કરનારા શ્રીમતી ભાવનાબેને 'અક્ષ' કવિ સાથે એ સંસ્મરણો વાગોળ્યા હતા. જયંતભાઈ શેઠે પોતાના મધુર સ્વરમાં જન્મદિનની શુભકામના આપતું ગીત ગાઈને સુંદરજીભાઈને ૮૩મા જન્મદિનની મુબારકબાદી પાઠવી હતી. સુંદરજીભાઈએ દિવ્યાંગ બાળકોને સુંદર ગિફ્ટ અર્પણ કરી હતી.






# ગોલ્ડન એજ ગ્રુપના મેમ્બરોને આપવામાં આવી ગીફ્ટ





ગોલ્ડન એજ ગ્રુપના મેમ્બરોને તા.૪ જૂન ૨૦૨૪, મંગળવારના રોજ બપોરે ૩:૪૫ ના શોમાં આર મોલમાં ગુજરાતી ફિલ્મ ઝમકુડી બતાવવામાં આવી હતી. ૯૦ જેટલા મેમ્બરો એ તેનો લાભ લીધો હતો. આ પ્રોગ્રામ ફ્રી ઓફ ચાર્જ આપવામાં આવ્યો હતો જેનો પુરેપુરો ખર્ચ ફંડમાંથી લેવામાં આવ્યો હતો બધા મેમ્બરો ખુબ ઉત્સાહિત થયા હતા અને એડમિનનો આભાર માન્યો હતો. સૌએ ખુશી અને આનંદથી આ પ્રોગ્રામ માણ્યો હતો


**ભવનાથ હોલીડે (ટુર)**

- ટ્રેન, ફલાઈટ, બસ અને તમામ પ્રકારના વાહનો માટે બુકિંગ
- તમામ સ્થળો માટે કસ્ટમાઈઝ ટુર પેકેજો
- સ્પેશ્યલાઈઝ ગ્રુપ ટુર સેવાઓ
- સસ્તા દરે ઉત્તમ સુવિધાઓ
- 100% ગ્રાહક સંતોષ માટે પ્રતિબદ્ધ

Shop No. 8, Upper Floor, Patil Sainath Plaza, Pandit Jawaharlal Nehru Road, Mulund (West), Mumbai 400080.
Mobile : 9594239494
Email: bhavnathholidays@gmail.com



**રેડી પઝેશન**

દેવીદયાલ રોડ પર
નવી બિલ્ડિંગ, રેડી પઝેશન
Unuse Flat
2 BHK @1.65 cr*
(715 carpet)
3 BHK @2.35 cr*
(960 carpet)
90226 87343
83697 71377



**Basic Pranic Healing Course**

Be The Radiant You
ucchikha

**Highlights of the workshop**

- Learn more about chakras
- Knowledge about energy body and Aura
- Learn scanning of energy levels
- Learn very powerful breathing technique
- Law of the energy world
- Meditation on Twin Hearts
- Heal yourself and your family
- Distant Pranic Healing

Date : 15th-16th June & 22nd-23rd June 2024
Time : 9.00am - 6.00pm
Fees : Rs. 7000/- Only

Address :-
3001/Neptune Uptown, N. S. Road, Mulund (W), Mumbai - 400 080.
Landmark : Shiv Sagar Hotel/Axis Bank/Waman Hare Pethe

Contact : 9987025308 / 9967302303



**આપના પ્રસંગોને યાદગાર બનાવો**

- લગ્નગીત
- બર્થ ડે પાર્ટી
- સંગીતસંધ્યા
- સાંજી ગીત
- ડી.જે.પાર્ટી
- ડોલી
- જૈન સ્તવન તેમજ
- પ્રાર્થના સભા (ઓનલાઈન પણ)
- સ્પે.એન્ટ્રી ફોર કપલ



હિના ઠક્કર
9221240755, 9769305488





RATNADEEP
MULUND - WEST

Project by
ASHAPURA GROUP
Builders & Developers

Landmark Living on the avenue
Available
1 & 2 & 3 BHK
Luxurious Apartment



MODERN AMENITIES & WELL EQUIPPED GYMNASIUM

DEVELOPERS
ASHAPURA DEVELOPERS
Plot No. 174 A & B, Junction of S.L. Road & V.L. Road, Mulund (West), Mumbai-400080.

ARCHITECTS: MR. ASHISH BHATT, Mulund
CONSULTING ARCHITECTS: FORM SPACE N DESIGN ARCHITECTS, Goregaon
R.C.C. CONSULTANTS: SHANTI CONSULTANTS, Ghatkopar
LEGAL ADVISOR: MR. KAPIL V. BHEDA, Ghatkopar

CONTACT 93245 73433

The Project has been Reg.Via. MAHARERA REG. NO. P51800053957 and is available On Website http://maharera.mahaonline.gov.in




8879753249 / 9323953249

Roxy®
Since 1967
ISO 9001 : 2015 certified
LIBRARY
PRESERVING THE HABIT OF READING

Just Pay Rs. 500/-
Read as many Books as you want*

Shop No. 21, Trivrdi Tower, J. N. Road, Station Road, Mulund (West), Mumbai - 400 080.
Follow On Instagram
@roxytoylib @roxybooksandlibrary
** Our Branches Mulund / Thane / Dadar



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

જ્યોતિશ વિશારદ્ • વાસ્તુશાસ્ત્રી • જેમોલોજિસ્ટ
સમીર સેજપાલ : ૯૮૧૯૨૯૮૪૦૪ તા. ૧૨ જૂન - ૧૮ જૂન ૨૦૨૪

**મેષ (અ,લ,ઈ) :** શારીરિક કરતા માનસિક શક્તિની કસોટી કરે એવી પરિસ્થિતિ ઊભી થશે. કેટલાક સમાચારો સાંભળી છેતરાયાની પણ લાગણી થશે. પરિવર્તનો સાથે તાલ મિલાવીને અને દરેક પરિસ્થિતિના પરિણામોમાંથી પાઠ શીખીને વિકાસ કરી શકશો એમ દેખાય છે. કામનું ઉદ્દેશાત્મક મૂલ્યાંકન કરો અને ભવિષ્યના પ્રોજેક્ટો માટે નવી અંતરચેતના અને પ્રેરણા સાથે આગળ વધો એવી મારી ખાસ સલાહ છે. તબિયતનું ધ્યાન રાખવું પડશે. રૂટીન મેડિકલ ચેક-અપ કરાવતા રહેજો. નવી નોકરી મળવાની શક્યતા છે. ઓફીસની જગ્યા બદલો, ખરીદો કે ભાડે આપો એવી શક્યતા છે. **સ્ત્રીવર્ગ માટે :** તમારી ચિંતા વિશ્વાસુ વ્યક્તિને જણાવો.

**વૃષભ (બ,વ,ઉ) :** દૈવી શક્તિઓ તમારા પર કૃપા વરસાવવાના મૂડમાં છે. તમારા આશ્ચર્ય વચ્ચે નસીબ આડેથી પાંદડુ હટી રહ્યાનું લાગશે. કુદરતી અને પોઝિટિવ વર્તણૂકને પરિણામે તકોનો લાભ ઊઠાવી શકશો એમ દેખાય છે. એક મિત્ર સાથે થયેલી ગેરસમજ દૂર થતા મન પ્રસન્ન બનશે. તંદુરસ્તી સારી રહેશે. પ્રોપર્ટીની ખરીદીની શક્યતા છે. પરિવાર અને મિત્રો સાથે પાર્ટીઓ કે મેળાવડાનું આયોજન કરી શકશો. વિદેશમાં બિઝનેસ વિસ્તારવામાં થોડી કાળજી રાખવી પડશે. અપરિણીતોને નવો પરિચય થશે અને બન્નેના આશ્ચર્ય વચ્ચે સંબંધ બંધાઈ જશે. **સ્ત્રીવર્ગ માટે :** જિદ્દી અભિગમ બદલવાની સલાહ છે.

**મિથુન (ક,છ,ઘ) :** જીવનની ગાડી સહેજ ધીમી પડશે. આ સમય દરમ્યાન તમારે નિરર્થક ચીજોથી છૂટકારો મેળવવો જોઈએ. એને પરિણામે તમારામાં રહેલી નેગેટિવ ઊર્જાનું સ્થાન આપમેળે જ પ્રોઝિટિવ ઊર્જા લઈ લેશે એમ દેખાય છે. પ્રિયજનને કામકાજ અર્થે પ્રવાસે જવુ પડશે. પરિણામે તેમની ખોટ સતત સાલશે. થોડા વખતમાં નવું ઘર ખરીદો એવી શક્યતા છે. ઈન્વેસ્ટમેન્ટ કરવા સટ્ટાખોરીને બદલે સલામત વિકલ્પ શોધો એવી મારી ખાસ સલાહ છે. પરિવારનો કોઈ યુવાન મેમ્બર બિઝનેસ સંબંધી સલાહ અને નવું સાહસ શરૂ કરવા ફાઈનેન્સ માટે સહાય માગશે. **સ્ત્રીવર્ગ માટે :** મનની અંદર શાંતિ શોધવા પ્રયાસ કરો.

**કર્ક (ડ,હ) :** એવા મુકામ પર પહોંચ્યા છો જ્યાં તમને બે વિકલ્પો દેખાઈ રહ્યા છે. એક રસ્તો સલામત અને જાણીતો હશે, બીજો અજાણ્યો અને નવા મુકામ પર લઈ જનારો હશે. સમજી વિચારીને પસંદ કરજો. હાલ કોઈ પણ પેપર પર સહી કરતા પહેલા કાનૂની સલાહ મેળવી લેજો. સંતાન પ્રામીની શક્યતા છે. ફ્લેટ-ઓફિસ ખરીદવામાં અને પછી એના ઇન્ટિરિયરમાં વ્યસ્ત બની જશો એમ દેખાય છે. વધારાની ડિગ્રી-ટૂંકો કોર્સ કરવાની ઈચ્છા પ્રબળ થશે. તમારામાંથી જે નવી જોબની શોધમાં હશે તેમને સારા સમાચાર મળશે. માથાનો દુખાવો કે આધાશીશીની શક્યતા છે. **સ્ત્રીવર્ગ માટે :** કશુ નહીં બદલાય એમ ન માનશો.

**સિંહ (મ,ટ) :** અત્યાર સુધી જે ધીરજ ધરી છે એના હવે ફળ મળવા લાગશે. ઈશ્વર પર શ્રધ્ધા રાખી છે એટલે જ મહત્વની મુશ્કેલી પાર કરી શક્યા છો એમ દેખાય છે. બિઝનેસનો એક નવો સોદો તમારી પ્રતિષ્ઠાને વધુ ઊજળી બનાવશે. યાદ રાખો કે દુનિયા કાયમ સફળ વ્યક્તિને જ પૂજે છે. તમને મળી રહેલી સફળતા સમાજમાં તમારી પ્રતિષ્ઠાને વધારશે. કામકાજ લક્ષી ટૂંકો પ્રવાસ મનને રિલેક્સ બનાવશે અને તમારી કુશળતામાં વધારો કરશે એમ દેખાય છે. હાલના સમયમાં પ્રણયનો નવો સંબંધ બંધાઈ શકે છે. અચાનક શરદી થવાની શક્યતા છે. **સ્ત્રીવર્ગ માટે :** મૂલ્યોનું જતન કરીને સમાધાનો કેમ કરવા એના ઉપાયો વિચારો.

**કન્યા (પ,ઠ,ણ) :** અચાનક ગુસ્સો કેમ આવે છે એનું કારણ શોધી કાઢશો તો પહેલાની જેમ પાછા શાંત થઈ શકશો એમ જણાય છે. તમામ શક્તિ કામે લગાડીને આગળ વધો અને મનમાં કોઈ નવા વિચારના ફણગા ફૂટે તો બીજાને કહેતા અચકાશો નહિ. ઊમરલાયક વ્યક્તિ રાજકરણ અથવા સમાજસેવામાં ઝંપલાવાનું વિચારી શકે છે. વિદ્યાર્થીઓએ ભૂતકાળમાં મેળવેલી સિધ્ધિના ગાણાં ગાવાને બદલે દિલથી મહેનત ચાલુ રાખવાની જરૂર છે. મદદગાર મિત્રો ટીકા કરે તો એ તમારા ભલા માટે જ છે એમ સમજીને માઠું ન લગાડવાની સલાહ છે. પરણ્યા ન હોય એમની માટે લગ્નનો યોગ છે. **સ્ત્રીવર્ગ માટે :** તમારી ધારણા મુજબ પ્લાન પાર પડશે.

**તુલા (ર,ત) :** અત્યારે તમે જીવનના એવા વળાંક પર ઊભા છો જ્યાંથી આગળ વધવાને લીધે જાદુઈ પરિણામ જોઈ શકશો. અહમને વચમાં લાવ્યા વિના ઈમોશનલ પ્રોબ્લેમનો ઉકેલ લાવવા માટે આ સમય તમારે મક્કમ મને પગલા લેવા પડશે. કોઈક વ્યક્તિ સંબંધો બાંધવા લલચાવી રહી છે, પરંતુ તમે એના પર ફરી વિશ્વાસ મૂકવા તૈયાર નહી હો એમ દેખાય છે. તમે બમણી ઝડપે કામ આટોપી લેવા ભાગદોડ કરી રહ્યા છો. જોકે આયોજનપૂર્વક કામ કરશો તો સમયનો અસરકારક ઉપયોગ કરી શકશો. જગ્યાની ખરીદી કે ઈન્ટીરિયર ડેકોરેશન પાછળ ખર્ચ થશે. **સ્ત્રીવર્ગ માટે :** ઈશ્વરીય શક્તિઓ કોઈ ચીજની ખોટ પડવા નહી દે.

**વૃશ્ચિક (ન,ય) :** કેટલાક સમયથી સતાવી રહેલી સમસ્યાઓનો હવે ઉકેલ શોધી શકશો. પ્રિયજન સાથે મુશ્કેલી ઊભી થઈ હોય તો પ્રેમની લાગણીઓથી આપોઆપ એનું નિરાકરણ આવવા દો. હકીકતો વિશે વાસ્તવવાદી વલણ અપનાવવાનો આ સમય છે. લોકો ભાવનાત્મક દબાણ લાવે ત્યારે વ્યવહારુ બનજો એવી મારી ખાસ સલાહ છે. બિઝનેસમાં નવું કામ મળવા લાગશે. ઝડપથી વધી રહેલા વેપારને સંભાળવા કોઈની મદદની પણ જરૂર પડશે. લાંબા સમય પછી પ્રવાસ કરવાની તક મળતા ઊત્સાહમાં આવી જશો. અપરિણીતોને કોઈના પ્રતિ આકર્ષણ થશે. **સ્ત્રીવર્ગ માટે :** અણધાર્યા ખર્ચની શક્યતા છે.

**ધન (ભ,ધ,ફ,ઢ) :** અસ્વસ્થતાનો અને ભાવનાત્મક અનિશ્ચિતતાનો સમય પૂરો થઈ ગયો હોય એમ લાગે છે. ફરી એકવાર પ્રિયજન તમારી નિકટ આવશે. કર્મની નવી ગતિ થોડા સારા અને થોડા અલગ પ્રકારના પરિવર્તનો લાવશે. જોકે હવે તાણમાંથી રાહત મેળવી શકશો. જૂની ભૂલોનું પુનરાવર્તન ન થાય એની કાળજી રાખવાની ખાસ સલાહ છે. ઘણા વખતથી મમળાવી રહ્યા હતા એ વિચારને હવે અમલમાં મૂકો. પ્રવૃત્તિઓ અચાનક વધી જશે અને નવા રસો જાગ્રત થશે એમ દેખાય છે. સેમિનાર કે એકાદ ટૂંકા અભ્યાસ માટે અન્ય શહેરનો પ્રવાસ કરવો પડશે. **સ્ત્રીવર્ગ માટે :** તમારી પ્રગતિની ઈર્ષા કરતા લોકોથી સાવધ રહેજો.

**મકર (ખ,જ) :** ઘણા લાંબા સમયથી જેની રાહ જોઈ રહ્યા હતા હવે એ ઈશ્વર કૃપાથી મેળવી શકશો. જીવનના પડકારોનો મક્કમતાથી સામનો કરવા આ યોગ્ય સમય છે. કેટલાક મુદ્દાઓ પર માત્ર વાતો કરવાને બદલે એક્શન લેવા તૈયાર રહેજો એવી મારી સલાહ છે. અપરિણીતોને વિદેશથી લગ્નનું માંગુ આવવાની સંભાવના છે. નવી કારની ખરીદી કે રિનોવેશનની શક્યતા છે. વિદ્યાર્થીઓએ અભ્યાસ પાછળ વધુ ધ્યાન આપવું પડશે. આકસ્મિક ધન લાભ કે બઢતીની શક્યતા છે. ડ્રાઈવિંગ સંભાળીને કરજો અને ટ્રાફિકના નિયમોનું પાલન કરજો. **સ્ત્રીવર્ગ માટે :** કોઈ નવો સંબંધ અનુકૂળ લાગતો ન હોય તો અંતરઆત્માના અવાજને અનુસરો.

**કુંભ (ગ,સ,શ,ષ) :** અનિશ્ચિતતાની સ્થિતિનો ટૂંક સમયમાં જ અંત આવી જતા રાહત અનુભવી શકશો. એ સ્થિતિમાંથી બહાર આવતા જ નવી તકો માટેનો માર્ગ મોકળો થઈ જશે એમ દેખાય છે. નમ્રતાથી વર્તશો તો સામેની વ્યક્તિ પર સારી છાપ પાડી શકશો. પરિવાર સાથે અથવા સારા મિત્રોના ગ્રુપમાં બહાર ફરવા જાઓ એવી સંભાવના છે. હાલ ઈશ્વરની વિશેષ કૃપા તમારા પર વરસી રહી છે. પાર્ટનરશિપ અથવા લોન મેળવવા માટે સારો સમય છે. તબિયત સંભાળજો અને ખાવાપીવામાં વિશેષ કાળજી રાખજો. શરીરની બેટરીને રીચાર્જ કરવા આરામ કરી લેવાની સલાહ છે. **સ્ત્રીવર્ગ માટે :** નિકટના સમયમાં વેકેશન માટે પ્લાનિંગ કરવું પડશે.

**મીન (દ,ચ,ઝ,થ) :** તમે ગમે એ કરો કે બોલો, પરંતુ લોકોના મનમાં તમારા વિશે ગેરસમજ ઊભી થશે. મનમાં જે વિચાર આવે એ વ્યક્ત ન કરો અને લોકો સાથે ખપ પૂરતી જ વાત કરો એવી મારી સલાહ છે. ભૂતકાળના અનુભવ પરથી વડીલો સાથે નાહકની દલીલોમાં ઊતરવાનું સમજદારીપૂર્વક ટાળજો. જો કોઈ અવરોધ હોય તો આક્રમક બનવાને બદલે એને કુનેહપૂર્વક દૂર કરો. અસલામતીની ભાવનાનો છેદ ઊડાડી પોતાની જ શક્તિ પર મદાર રાખી આગળ વધવાનો સમય છે. કોઈ કાનૂની ગૂંચવણમાં પડયા હો તો કોર્ટની બહાર સમાધાન કરી લો. **સ્ત્રીવર્ગ માટે :** ભૂતકાળમાં કરેલી ભૂલો ફરી ન થાય એ માટે સજાગ રહો.

# Tetanus (ધર્નુવા) પાર્ટ-૧






- Clostridium Tetani નામના બેક્ટેરીયાથી Tetanus ધર્નુવા થાય છે. તે ખતરનાક જીવલેણ બીમારી છે. બહુજ ઝડપી યોગ્ય અસરકારક ટ્રિટમેન્ટ અપાય તો જ જીવ બચી શકે છે.
- જમતા પહેલા હાથ, ફળ, શાકભાજી, વનસ્પતિ પાણીથી બરોબર સાફ ન કર્યા હોય તો સામાન્યપણે પેટ આતંરડામાં જાય છે. પણ ત્યાં આ જંતુ વૃધ્ધિ ન પામતા તકલીફ નથી આપતા. મળ (સંડાસ) વાટે નીકળી જાય છે.
- Clostridium Tetani જંતુ ના નિષ્ક્રીય બીજકણો જમીન (earth), ધૂળ (Mud), માટી (Soil), ઘોડા બીજા જાનવરો, માનવીના મળ (Excreta, Stool)માં સર્વત્ર, બધી જગ્યાએ હોય છે. મહિનાઓ વર્ષો સુધી નિષ્ક્રિય સ્થિતિમાં રહેવાની તે અમર્યાદિત કેપેસીટી ધરાવતા હોય છે.
- ધર્નુવા થવાના નીચેના કારણો અને સંજોગ જવાબદાર હોય છે.
- પ્રેગનેન્સીમા ધર્નુવાની રસીકરણ ન થયું હોય.
- નવજાત જન્મ લેતા શીશુની નાળ કાપવાની બીનજંતુનાશક ક્રિયા, સાધનો, ગામમાં નાળને છાણ કે અન્ય પદાર્થ વડે ઢાંકવાથી ચેપ ફેલાય છે.
- અપુરતું અધુરું અસુરક્ષિત રસીકરણ.
- લાંબા સમયના પરુવાળા કે ક્ષતિગ્રસ્ત, મરેલી ટિશ્યુ, પેશીવાળા ઝખમ-ઘાવ.
- નશાકારક દવાઓના ઈજેક્શન-સોય વાપરવાની કુટેવ. સોય બીનજંતુ નાશક ન હોય, ગંદુ હોય.
- વૃદ્ધાવસ્થામાં ઘટેલી રોગ પ્રતિકાર ક્ષમતા.
- ટેટુ (tattooing)
- ગર્ભપાત (MTP)ની અયોગ્ય બીનજંતુનાશક ઓપરેશન સાધન, થિયેટર, રીત
- બાળકોના કાનમાં રસી-પરુ.
- બીજા દેશ અથવા રાજ્યમાંથી આવ્યા હોય જ્યાં રસીકરણ બીનઅસરકારક કચાશભરી હોય.
- AIDS ((HIV) એડ્સ, ઓછી રોગપ્રતિકાર શક્તિ ધરાવતા રોગો થયા હોય.
- સૂકી માટીના સૌંદર્ય પ્રસાધનોનો ઉપયોગ
- લોખંડથી થતી ઈજા સાથે ધૂળ મિશ્રિત ઘાવમાં રોગના બીજાણું પ્રવેશે છે.
- આ જંતુ સામાન્ય રીતે ઘાવ-જખમમાં મરેલી-સડેલી પેશી (tissue), બાહ્ય પદાર્થની હાજર (foreign objects) તથા પરુ (Pus) થાય તો ધર્નુવાના જીવાણુંને જીવવા, ગુણાકાર કરવા, વૃધ્ધિ પામવા જરૂરી ઓક્સિજન (પ્રાયવાયુ-oxygen) વગરની (Low oxygen tension) Oxygen નું પ્રમાણ ઓછું સ્થિતિ મળી રહે છે. આ સંજોગમાં ધર્નુવાના બીજાણુંમાંથી (sposes) હોય એક્ટિવ દંડાણું C.tetani બને છે જે Tetanospasmin Exotic (કાતિલ ઝેર) ઓકી (Liberates) પેશીમાં ફેલાય છે અને ધર્નુવા બીમારીના ચિન્હો માટે જવાબદાર હોય છે.

- ડૉ.જયંતીલાલ પી.ખોના (LCEH (Mum.)
Ph.: 8779985316

# SEVEN ISLES INTERNATIONAL SCHOOL

## Cambridge A Level (Grade 12) February - March 2024 Exam Toppers



Mst. Harsh Nagda
2 A*, 1 A



Ms. Sabrina Prabhu
1 A*, 2 A

## Cambridge IGCSE (Grade 10) February - March 2024 Exam Toppers



Mst. Sahil Shivangikar
94% 5A*, 1A



Mst. Meet Bhanushali
91% 4A*, 1A



Ms. Swanandi Shinde
90% 4A*, 2A



Ms. Falak Trivedi
90% 3A*, 3A



Mst. Yash Deepak Nagda
87% 3A*, 2A



Mst. Joogansh Kotecha
82% 1A*, 4A



Mst. Nishant Sachin Prabhu
81% 1A*, 1A



Mst. Arnav Ajay Patil
80% 1A*, 2A

**FEW SEATS LEFT FOR 2024-25! HURRY UP. SECURE YOUR SEAT.**

Cambridge Assessment International Education
Cambridge International School
Affiliation No IN 854

**Contact No.:**
**022-25633693 / 7208178761**

**Email:** principal.sicis@gmail.com
**Website:** www.sevenisles.in
seven isles international school

1114/2B, Sant Ramdas Marg, Beside Gagangiri Towers, Mulund(East), Mumbai - 400081.

# માનવતાના મસીહાને સલામ



જન્મ : ૧૫-૦૯-૧૯૩૭

દેહવિલય : ૧૦-૦૬-૨૦૨૪

## સ્વ. ભાઈલાલ લખમશી મેરગ લાલન

ગામ કચ્છ કોડાય - હાલે મુલુંડ

જીવન એવું જીવી ગયા કે
સૌના પથ દર્શક બની ગયા
ધર્મ, કર્મ, સેવા, સૌજન્ય થકી
સૌના દિલમાં વસી ગયા

આયુષ્ય આપવું ઈશ્વરના હાથમાં છે પણ, આયુષ્ય દરમ્યાન
સત્કાર્ય કરી સુવાસ પ્રસરાવવી આપણા હાથમાં છે.
આપના દિવ્યતમ આત્માને શ્રદ્ધાપૂર્વક નમન

શ્રેષ્ઠ માનવતા એટલે ઢંઢેરો પીટયા વગર કરાતી મદદ

**હૃદયપૂર્વક આભાર**

ડૉ.કુણાલ ગાલા (આર્શીવાદ હોસ્પિટલવાળા)
અને ડૉ. રોહિત ભગવાનજી પોપટ જેમણે
હિમાલયની જેમ અડગ ઊભા રહી
અમારા વ્હાલસોયા પપ્પાની અવિરત સારવાર
સેવા માટે તનતોડ જહેમત કરી.
તમારા અમૂલ્ય યોગદાન માટે લાલન પરિવાર
અત્યંત આભાર વ્યક્ત કરે છે.

શોકાતૂર સ્વજન

**દીપક ભાઈલાલ લાલન પરિવાર**

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકારની હેટ્રિકના વધામણાં





રવિવાર, તા.૯ જૂનના રોજ નરેન્દ્ર મોદી સરકાર-૩ને વધાવતાં માજી નગરસેવક પ્રકાશ ગંગાધરે અને પક્ષ પદાધિકારીઓ, કાર્યકરો તેમના કાર્યાલય પર ફટાકડાં ફોડી અને ઢોલ-નગારા વગાડીને ઉજવણી કરી હતી. શપથવિધિ લાઈવ પ્રસારણ નિહાળ્યું હતું.

# મુંબઈ ખાતે ચોમાસું બે દિવસ વહેલું બેસતાં અનેક ઠેકાણે પાણી ભરાયાં: બીએમસી ઊંઘતી ઝડપાઈ



ભારતના હવામાન ખાતા(આઇએમડી)એ જણાવ્યું હતું કે દક્ષિણ પશ્ચિમ ચોમાસું તેની અપેક્ષિત તારીખના બે દિવસ પહેલા રવિવારે મુંબઈ પહોંચ્યું છે. છેલ્લી વખત ચોમાસું આટલું વહેલું ૨૦૧૮ અને૨૦૨૧માં બેઠું હતું.બીએમસીના અધિકારીઓએ દાવો કર્યો છે કે તેણે ચોમાસું આવવાની પહેલાંના તમામ પ્રિ-મોન્સૂન કામો પૂર્ણ કરી લીધા છે, જેમાં ગટરોમાંથી કચરો કાઢવાના(ડિસિલ્ટિંગ) અને રસ્તાના સમારકામને સમાવવાનો સમાવેશ થાય છે, જે પછીથી ફરી શરૂ કરવામાં આવશે. જો કે, મુંબઈના રહેવાસીઓ આ બાબત સંમત જણાતા નથી. શહેરમાં ઇસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે સહિત અનેક ઠેકાણે પાણી ભરાયાં હતાં અને બીએમસી ફરી એક વાર ઊંઘતી ઝડપાઈ હતી.

દક્ષિણ મુંબઈ, થાણે અને કલ્યાણમાં શનિવાર, તા.૮ અને રવિવાર, તા.૯ જૂનની મધ્યરાત્રિમાં નોંધપાત્ર વરસાદ પડ્યા બાદ ચોમાસાની વિધિવત શરૂઆત થઇ હોવાની ઘોષણા કરવામાં આવી હતી. કોલાબા વેધશાળા દ્વારા રવિવારે સવારે ૦૮.૩૦ વાગ્યે પૂરા થયેલા ૨૪ કલાકમાં નોંધાયેલ વરસાદ ૮.૮ એમએમહતો જ્યારે સાંતાક્રુઝ વેધશાળામાં ૧૯.૮ એમએમ નોંધાયો હતો. રવિવારની રાત્રે ખાસ કરીને મુલુંડ અને વિક્રોલીમાં ભારે વરસાદ પડ્યો હતો. મુલુંડમાં સોમવારે આકાશ વાદળીયું હતું અને છૂટાછવાયા ઝાપટાં પડ્યા હતા જેને લીધે ગરમીથી ત્રાહિમામ નાગરીકોએ ઠંડકનો અહેસાસ કર્યો હતો.

મુંબઈમાં વરસાદ આવે એટલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતું હોય છે. એથી નીચાણવાળા વિસ્તારોમાંથી પાણીનો વહેલી તકે નિકાલ લાવવા બૃહમુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા) દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે પમ્પ બેસાડવામાં આવે છે. આ વર્ષે મનપા એવા ૪૮૧ પમ્પ બેસાડવાની છે. ગયા વર્ષે ૪૭૭ પમ્પ બેસાડવામાં આવ્યા હતા.

અન્ય એક વ્યક્તિએ કહ્યું હતું કે 'વધુ પાણી ભરાય છે ત્યારે આ પમ્પની મોટર કામ કરતી અટકી જાય છે એટલું જ નહીં, ઘણી વાર તો એ ચાલુ કરવા ડીઝલ પણ પૂરતા પ્રમાણમાં નથી હોતું અને એથી એ માત્ર શોભાનો ગાંઠિયો બની રહે છે. આવું ન બને એ માટે મનપા ધ્યાન રાખે.'

સામા પક્ષે મનપાના એક ઑફિસરે કહ્યું હતું કે 'આ પમ્પ સાવચેતીની દૃષ્ટિએ બેસાડવામાં આવે છે અને એથી પૂર્વતૈયારી કરવી જરૂરી છે. વળી મુંબઈની ડેમોગ્રાફી બદલાઈ રહી છે અને ઘણા વિસ્તારો લો લાઈનમાં ચાલ્યા ગયા છે એટલે એવા વિસ્તારોમાં પાણી કાઢવા પમ્પ મૂકવા જરૂરી છે. હેવી વરસાદના દિવસોમાં એ પમ્પ ઑપરેટ કરાય એ માટેની જવાબદારી વૉર્ડના અસિસ્ટન્ટ એન્જિનિયરોને સોંપવામાં આવતી હોય છે.'

# શ્રી જલારામ મંદિર (ભૂલેશ્વર)નો પાટોત્સવ ભક્તિભાવથી ઉજવાયો

ધાર્મિક, સામાજિક અને શિક્ષણક્ષેત્રે ગુજરાત અને મહારાષ્ટ્રમાં સેવા સહયોગ આપતું શ્રી જય જલારામ બાપા ચેરિટેબલ ટ્રસ્ટ (રજી.) સંચાલિત દક્ષિણ મુંબઈમાં ભુલેશ્વરના પૂ.જલારામબાપા ચૌક પાસે ઈ.સ.૧૯૬૦માં સ્થપાયેલા અને ઈ.સ.૧૯૮૪માં ભવ્ય જીર્ણોધ્ધાર થયેલા શ્રી જલારામ મંદિરનો પાટોત્સવ મોટી સંખ્યામાં ભક્તગણની ઉપસ્થિતિમાં પૂ.બાપાની પાદૂકા પૂજન સાથે શુભારંભ થયો. મંદિરના હૉલમાં દર ગુરુવારે અને અન્ય ધાર્મિક શુભપ્રસંગે ભજન કરતા શ્રી જલારામ મંદિર મહિલા ભજન મંડળ (ભૂલેશ્વર)ના સૌ.રસીલાબેન પંચમતીયા, સૌ.ભારતી રાજપૂત, સૌ.પુષ્પા નાગદા, સૌ.ડિમ્પલ દમણિયા, સૌ.અલ્પા મુનશી, સૌ.વર્ષા ભટ્ટ, સૌ.અંજના ગાંધી, શ્રીમતી જયશ્રી પરમાર સાથે અન્ય બહેનોએ નિત્યક્રમ પ્રમાણે પૂ.બાપાના મનગમતા ભજનોની સૂરીલા સ્વરમાં રમઝટ જમાવી. ત્યારબાદ મંદિરમાં બપોરે સમૂહ આરતીબાદ સર્વે ભક્તગણ, ભજનિક બહેનો અને દીન બંધુઓને ભંડારાનો પ્રસાદ વિતરણ કરવામાં આવ્યો. મંદિરના ટ્રસ્ટીગણના માર્ગદર્શન સાથે મંદિરના સ્ટાફ સભ્યોએ ખડે પગે સેવા આપી હતી.

# ૧૧મા ધોરણ કોલેજ પ્રવેશનો ફર્સ્ટ રાઉન્ડ એલોટમેન્ટ લિસ્ટ ૨૬ જૂનના જાહેર થશે

૧૧ મા ધોરણમાં પ્રવેશ મેળવવા માટે મુંબઈમાં ઓપ્શન ફોર્મ ભરવાની શરૂઆત થઇ ગઇ છે. ૧.૨૮ લાખ વિદ્યાર્થીઓએ કોલેજ ઓપ્શન ફોર્મ ભરીને પોતાની અરજીને લોક કરી છે. ૧૧મામાં પહેલા રાઉન્ડમાં એલોટમેન્ટ માટે ૧૬મી જૂન રાતે ૧૦ વાગ્યા સુધી ઓપ્શન ફોર્મ ભરી શકાશે.

આ માટે જે વિદ્યાર્થીઓએ પાર્ટ-૧માં ફોર્મનું સ્કૂલ તરફથી ઓટો-વેરિફિકેશન નથી થયું તેઓ સંબંધિત વ્યક્તિને મળીને પોતાની અરજીને વેરિફાય કરી લે.

એક વિદ્યાર્થીના જણાવ્યા અનુસાર પાર્ટ- ૧નું ફોર્મ ભર્યા પછી સ્કૂલ તરફથી વેરિફિકેશનમાં મોડું થઇ રહ્યું છે. આ માટે સ્કૂલોએ તેમના સંબંધિત કર્મચારીના વેરિફિકેશનના કાર્યમાં ઝડપ માટે ફર્સ્ટ રાઉન્ડમાં સીટોનું એલોટમેન્ટ ૨૬મી જૂનથી જાહેર થશે. ડિરેક્ટોરેટ ઓફ એજ્યુકેશનની વેબસાઈટ અનુસાર એમએમઆરની કોલેજો અને જુનિયર કોલેજોમાં એડમિશન માટે અત્યાર સુધી ૨.૫૩ લાખ વિદ્યાર્થીઓએ વેબસાઈટ પર રજિસ્ટ્રેશન કર્યું છે. આમાંથી ૨.૧૬ લાખ વિદ્યાર્થીઓએ પાર્ટ-૧ને લોક કરી દીધું છે. આ વિદ્યાર્થી ઓમાં અત્યાર સુધી ૨.૭ લાખ વિદ્યાર્થીઓની અરજી વેરિફાય થઇ ગઇ છે.

આ સાથે જ પાર્ટ-૨માં ઓપ્શન ફોર્મ ભરવાની પણ શરૂઆત થઇ ગઇ છે. છેલ્લા બે દિવસ દરમિયાન ૧.૨૬ લાખ વિદ્યાર્થીઓએ કોલેજ ઓપ્શન ફોર્મ ભરી દીધાં હોવાની માહિતી પ્રાપ્ત થઇ હતી.

# વુમનિયા ગ્રુપની ૭મી ઈવેન્ટ 'વુમનિયા કિ અંતાક્ષરી મિતાક્ષરી'નું આયોજન

વુમનિયા ગ્રુપની ૭મી ઈવેન્ટ 'વુમનિયા કિ અંતાક્ષરી મિતાક્ષરી'નું રંગારંગી આયોજન મંગળવાર, તા.૧૮ જૂન ૨૦૨૪ના બપોરે ૩.00 થી ૬.00 દરમિયાન કાલિદાસ ઓડિટોરિયમ, પી.કે. રોડ, મુલુન્ડ (વેસ્ટ) ખાતે કરવામાં આવ્યું છે. અંતાક્ષરીના આ ધમાકેદાર કાર્યક્રમનો ડ્રેસકોડ વેસ્ટર્ન વેર છે.

ઈવેન્ટ સિદ્ધશ્રી ઈવન્ટ વૈશાલી પારસ કારાણી દ્વારા પ્લાન કરવામાં આવ્યું છે.

વુમનિયા ગ્રુપ અવનવા કાર્યક્રમો આપવા માટે ફક્ત મુલુંડ જ નહીં પરંતુ સમગ્ર મુંબઈમાં લોકપ્રિય છે.

# જૈન સોશ્યલ ગ્રુપ મુલુંડમાં મેમ્બર્સ તરીકે જોડાવવા આહવાન

જૈન સોશિયલ ગ્રુપ-મુલુન્ડ ઈન્ટરનેશનલ ફેડરેશનના ગ્રુપોમાં મુલુંડનું ગ્રુપ ખૂબ જ અગ્રસ્થાને છે. ઈનામોની વણઝાર મુલુન્ડ ગ્રુપે મેળવેલ છે. આવા ખૂબ જ પ્રતિભાશાળી શાનદાર ગ્રુપમાં મેમ્બર બની નવા નવા પ્રોગ્રામો માણી, બહારગામ-ફોરેન વગેરે દર વર્ષે ટુરો તો હોય જ છે.

આ બધો લાભ ફક્ત આપણા જૈન સોશ્યલ ગ્રુપમાં જ મળતો રહે છે, તો ગ્રુપની આન-બાન અને શાનમાં વધારો કરવા સૌને પરવડે તેવી ફી સાથે ગ્રુપમાં જોડાવા આમંત્રણ છે. આ વખતે ફક્ત રૂા.3000માં વાર્ષિક દરેક પ્રોગ્રામ તેમજ જમણવાર સાથે બાલ્કનીના રાખેલ છે. આગામી પ્રોગ્રામ પહેલાં મેમ્બર્સ બની જવા વિનંતી. ગ્રુપના નવા વર્ષના આઈ-કાર્ડ તૈયાર થઈ ગયા છે, જે ગ્રુપની ઓફિસમાંથી તા. ૧૨,૧૩,૧૪ જૂનના સવારના ૧૦.૩૦ થી ૧૧.૩૦ સુધીમાં મેળવી લેવા વિનંતી. ગ્રુપની ઓફિસ: ૧૦૧, સાફલ્ય બિલ્ડીંગ, પહેલે માળે, ડો. આંબેડકર રોડ, જૈન દેરાસરની ઉપર, મુલુંડ (વેસ્ટ).

સંપર્ક: પ્રમુખ-જયંતીલાલ મેશેરી: ૯૮૧૯૭ ૪૮૨૫૦, માનદ્ મંત્રી- દિલીપભાઈ શેઠ : ૯૮૨૦૬ ૯૬૮૪૮, શ્રીમતી ડિમ્પલબેન કોરડિઆ : ૯૮૬૯૬ ૬૦૨૯૦.

# રસ્તાના ખાડા બાબતની ફરિયાદ સરળતાથી કરી શકાય એ માટે મોબાઈલ એપમાં સુધારો કરાશે

ચોમાસામાં રસ્તામાં ખાડા પડવાની સમસ્યાનો સામનો મુંબઈકરોએ કરવો પડે છે એને ધ્યાનમાં રાખીને આગામી ચોમાસામાં ખાડાની ફરિયાદ મળ્યાના ૨૪ કલાકમાં ભરી શકાય એ માટે બૃહમુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)એ કવાયત હાથ ધરી છે. મુંબઈકરો હેલ્પલાઈન-નંબર ૧૯૧૬ ઉપરાંત MyBMC Pothole Fixit મોબાઇલ ઍપની મદદથી સરળતાથી ફરિયાદ નોંધાવી શકશે. આ સિવાય ખાડાની વિગતો @mybmc X (twitter) અકાઉન્ટમાં ટેગ કરી શકાશે.

BMCHI કમિશનર-કમ ઍડ્મિનિસ્ટ્રેટર ભૂષણ ગગરાણીએ મુંબઈના નાગરિકોને આગામી ચોમાસામાં કોઈ પણ પ્રકારની અસુવિધા ન થાય એનો એ ઉપરાંત ખાડામુક્ત રસ્તાનો ઉદ્દેશ નજર સામે રાખીને કામ કરવાનો નિર્દેશ અધિકારીઓ અને કોન્ટ્રેક્ટરોને આપ્યો છે. ખાડાની ફરિયાદ મળ્યા બાદ એ ૨૪ કલાકમાં કોન્ટ્રેક્ટરો દ્વારા પૂરી દેવામાં એવી વ્યવસ્થા ઊભી કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. BMCએ આપેલી માહિતી મુજબ MyBMC Pothole Fixit મોબાઇલ ઍપમાં ફેરફાર કરવામાં આવી રહ્યો છે. ઍપમાં ઓછામાં ઓછી ક્લિક કરવા ઉપરાંત મોબાઈલ-નંબરથી જ ફરિયાદ કરી શકાય એવી સુવિધા હશે.

ખાડાની ફરિયાદનું નિવારણ થઈ ગયા બાદ ફરિયાદીને મેસેજ મોકલીને જાણ કરવામાં આવશે.

# મુલુંડ ચેકનાકા પાસેથી ૫ મહિનામાં પોલીસે ૮૦૦૦ કિલો ગૌમાંસ પકડ્યું




નવઘર પોલીસે મુલુંડના આનંદનગર ટોલનાકા પર વાહન ચેકિંગ દરમ્યાન છેલ્લા પાંચ મહિનામાં ૮૦૦૦ કિલો કરતાં વધારે ગૌમાંસનો જથ્થો પકડી ૧૧ આરોપી સામે કાર્યવાહી કરી હોવાનો ચોંકાવનારો આંકડો બહાર આવ્યો છે.

ગૌમાંસ પર પોલીસની નજર ન પડે એ માટે પ્રાઇવેટ કારમાં એ લઈ જવામાં આવતું હતું એટલું જ નહીં, ગૌમાંસને એવી રીતે કારમાં કવર કરવામાં આવતું કે બાજુમાં ઊભેલી વ્યક્તિને એની વાસ પણ ન આવે.


Mulund (East)

Mulund (East) Discounted Health Checkup

BLOOD TEST PACKAGE AT Rs.1990/- only

INDIVIDUAL DISCOUNTED RATE

| Test | Rate | Discount Rate | Test | Rate | Discount Rate |
|---|---|---|---|---|---|
| CBC | Rs.300 | Rs.170 | VIT. D3 | Rs.1650 | Rs.790 |
| T3, T4, TSH | Rs.550 | Rs.390 | HbA1c | Rs.590 | Rs.390 |
| VIT. B12 | Rs.1150 | Rs.690 | BL.SUGAR | Rs.70 | Rs.50 |

TEST
- CBC
- VIT. D3
- Fasting Bl. Sugar
- T3, T4, TSH
- HbA1c
- S. Creatinine
- VIT. B12
- LIPID PROFILE
- S.G.P.T.

NEAR RLY. STATION @Dr.JAYANT MANDOT Pathology Lab SINCE 1963

Address: 102, Jai Laxminarayan Bldg., Opp.Prashant Hotel, L.T.Road, Mulund (East)

Home Visit Available in Mulund

Note : Special Discount on other Blood Test Also

Contact : 022-2163 7380, 87792 00271

# ન્યુઝીલેન્ડ ટૂર બુકીંગના બહાને મુલુંડના ગુજરાતી વેપારી સાથે લાખોની છેતરપિંડી

મુલુંડ (વે)માં જૈન મંદિર રોડ સ્થિત સર્વોદય હાઈટ્સમાં રહેતા સંજીવકુમાર શાહને ૨૫ ઓક્ટોબર ૨૦૨૩થી આજ સુધી દહીંસરમાં આવેલા પૂર્વા હોલીડેસના તેજસ મહેન્દ્ર શાહે ન્યુઝીલેન્ડ ટૂર પર લઈ જવાના ઓઠા હેઠળ રૂ.૫.૫૦ લાખ પડાવ્યા હોવાની ફરિયાદ મુલુંડ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

ફરિયાદ મુજબ સંજીવકુમારે ૪ ઓકટો. ૨૦૨૩ના પૂર્વા હોલીડેસના તેજસ શાહ પાસે ૨૫ જાન્યુ.૨૦૨૪થી ૯ ફેબ્રુ. ૨૦૨૪ દરમ્યાન ન્યુઝીલેન્ડ જવા માટે તેમની અને તેમના પત્નીની ટૂર બુક કરી હતી અને તે અંતર્ગત સંજીવકુમારે પાંચ-છ હપ્તામાં ટૂરની કુલ રકમ રૂ.૫,૫૦,૦૦૦ તેજસ શાહને ચૂકવી હતી પરંતુ ટૂરનો દિવસ નજીક આવ્યા બાદ પણ તેજસ તરફથી કોઈ સૂચના કે માહિતી ન મળતાં સંજીવકુમાર દહીંસર સ્થિત પૂર્વા હોલીડેસની ઓફિસમાં ગયા ત્યારે તેજસ શાહે તેમને ૫૦ના ગ્રુપમાંથી ૪૨ સદસ્યોને ટૂરમાં જવું ન હોવાનું તેમજ બાકીના આઠ જણાંની જવાની તે વ્યવસ્થા કરશે એવું જણાવ્યું હતુ પરંતુ ટૂર માટે કોઈ પ્રગતિ ન જણાતાં સંજીવકુમારે તેજસ પાસે તેમણે ભરેલી રકમ પરત આપવા પેટે તેજસે તેમને બે વખત ચેક આપ્યા જે બંને બાઉન્સ થયા હતા.

તેજસે ત્યારબાદ તેમને ઓનલાઈન તેમના બેન્ક ખાતામાં ફક્ત એક રૂપિયો પાઠવ્યો અને ત્યારબાદ પૈસા પરત કરવા માટે ઠાગાઠૈયા કરતા સંજીવકુમારએ તેજસ તેમના પૈસા ઓહિયા કરી ગયો હોવાનું જણાતાં તેમણે પૂર્વા હોલીડેસ વિરૂદ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# મુલુંડ (ઈ)ના ડોક્ટરની ગાડી પરત ન કરાતાં ફરિયાદ નોંધાઈ

મુલુંડ (ઈ)માં ભોઈરનગર, સાગર તીર્થમાં રહેતા ડો. ત્રિવેણી પુંડલિક લોહારે (૪૮) સેન્ટ જ્યોર્જ હોસ્પિટલના કર્મચારી સંજય સોનુને તેની અર્ટિગા કાર પાંચ-છ દિવસ માટે દિલ્હી લઈ જવા માંગ્યા બાદ આજ સુધી પરત ન કરતાં સંજય વિરૂદ્ધ નવઘર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ સહાયક આયુક્ત સમાજ કલ્યાણ કાર્યાલયમાં મુખ્ય ક્લાર્ક તરીકે નિયુક્ત ડો. ત્રિવેણીની સેંટ જ્યોર્જ હોસ્પિટલમાં સ્ટેનો તરીકે કામ કરતા સંજય સાથે ૨૦૧૯માં ઓળખાણ થઈ હતી. ૧૨ મે ૨૦૨૪ના સંજયે તેને દિલ્હી ફરવા જવું હોવાથી ડો. ત્રિવેણી પાસે તેની અંદાજે રૂ. ૧૦ લાખની કિંમતની અર્ટિગા ગાડી માંગતા ડો. ત્રિવેણીએ હામી ભરતા સંજય તેમના ઘરેથી ગાડી લઈને ગયો હતો પરંતુ તા.૨૫ મે ૨૦૨૪ના ડો. ત્રિવેણીએ તેમની કાર પરત માંગતા સંજયે ઉડાઉ જવાબ આપવા માંડ્યા અને ત્યારબાદ તેમના ફોન ઉપાડવા બંધ કરી દીધા. સંજયે છેવટ સુધી ગાડી પરત ન કરતા ડો. ત્રિવેણીએ તેની વિરૂદ્ધ નવઘર પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ દર્જ કરાવી.

# મુલુંડ(ઈ)માં ઓફિસમાંથી રૂા.૨.૫૦ લાખ ચોરાયા

મુલુંડ (ઈ)માં સંત રામદાસ રોડ સ્થિત સદ્‌ગુરૂ શરણ સોસાયટીમાં રહેતાં રોહન પ્રવીણ મારૂએ તેમની મુલુંડ (ઈ)માં આવેલી ઓફિસમાંથી અઢી લાખ રૂપિયાની રોકડ ચોરાઈ હોવાની ફરિયાદ નવઘર પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે.

ફરિયાદ મુજબ કાથા સપ્લાયનો બિઝનેસ કરતા રોહન અને તેના પિતાનું કુર્લામાં એક ગોડાઉન તથા મુલુંડ (ઈસ્ટ)માં સંત રામદાસ રોડ શ્રી શાંતિ નિવાસ સોસાયટીમાં અકાઉન્ટિંગ ઓફિસ છે. પ્રવીણભાઈએ શનિવાર, તા.૮ જૂનના રૂા.૨.૫૦ લાખ મુલુંડની ઓફિસના લોખંડના કબાટમાં મૂક્યા હતા અને બીજા દિવસે રોહન અને પ્રવીણભાઈને ઓફિસમાં કામ હોવાથી તેમણે સવારે ઓફિસ ખોલી હતી અને બપોરે ઓફિસ બંધ કરીને જમવા ગયા હતા પરંતુ બપોર પછી ઓફિસે આવતા તેમને મુખ્ય દરવાજાનું તાળું તૂટેલું જણાયું હતું અને દરવાજો અડધો ખૂલ્લો દેખાયો હતો અને અંદર જઈને જોતાં તમામ સામાન અસ્તવ્યસ્ત પડયો હતો અને કબાટના ડ્રોઅરમાં રાખેલ રૂા.૨,૫૦,૦૦૦ ગુમ થયા હોવાનું જણાયું હતું. રોહન તાબડતોબ ઓફિસ પહોંચી ગયો હતો અને ત્યારબાદ તેણે અજાણ્યા તસ્કર વિરૂદ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.


ગુર્જરમાત ફન કલબ

વિદ્યાર્થીઓ માટે ખાસ ઓફર
કોઈપણ નોટબુક
72 પેજ, 140 પેજ અને 172 પેજીસ
એક ડઝન પર
એક ડઝન ફ્રી


BUY ONE GET ONE FREE



A-4 બુક A-5 બુક લોંગ બુક જમ્બો બુક

B-3, Krishna Kunj, Valji Laddha Road,
Near Vikas Palazo & HDFC Bank, Mulund (West).
Contact : 98690 05403 / 93222 57731







AquaHeal PHYSIOTHERAPY

તમારી સાંધા અને સ્નાયુઓની ઈજાને મેડિસીન અથવા સર્જરી વગર માત આપો

ડૉ. પ્રણાલી ગોગરી-છેડાના માર્ગદર્શનમાં એક્વા - ફિઝીયોથેરેપી દ્વારા



શું તમને...
૧. ઘૂંટણનો ઓસ્ટિઓ-આર્થરાઈટીસ છે ?
૨. ડોકટરોએ ચાલવા અથવા સીડી ન ચઢવા કહ્યું છે ?
૩. વજન ઘટાડવાની સૂચના મળી છે ?



માત્ર એક્વા-ફિઝીયોથેરાપી થી એનો ઉકેલ લાવી શકાય છે !

સ્નાયુઓને મજબૂત કરવા માટે મુલુંડમાં એકમાત્ર વ્યવસ્થા...
ફ્લોટ હાઉસ ખાતે ઇન્ડોર, તાપમાન-નિયંત્રિત પૂલ.

એક્વા ફિઝીયોથેરાપી ના ફાયદાઓ

- વજન ઘટાડવામાં
- ઇંચ ઘટાડવામાં
- સ્નાયુઓ મજબૂત કરવા માટે
- કાર્યશક્તિ (સ્ટેમિના) વધે છે
- સાંધાઓ પર પડતું દબાણ ઘટે છે અને સોજો ઓછો કરે છે
- સાંધાઓનો દુઃખાવો ઘટાડે છે

અન્ય વિશિષ્ટ સેવાઓ :

સ્ટ્રોક માટે ન્યુરોફિઝિયોથેરાપી, પાર્કિન્સન રોગ, સંતુલનની સમસ્યા માટે સેવાઓ ઉપલબ્ધ છે

આ ઉપરાંત પ્રેગ્નન્સી ફિટનેસ કલાસ પણ ચાલુ છે.

VENUE : THE FLOAT HOUSE
૧૦, બિશેન ઉદ્યોગ પ્રીમાઈસેસ, પી.કે.રોડની સામે, આશા નગરની પાછળ, વેલોકસ મોટર વર્કશોપની બાજુમાં, મુલુંડ (વે.), મુંબઈ - ૪૦૦ ૦૮૦.

CALL : 91377 50676

# મુલુંડની હાઉસીંગ સોસાયટીના અકાઉન્ટન્ટના મદદનીશે સોસાયટી સાથે રૂા.૧૨.૪૫ લાખની છેતરપિંડી કરી

મુલુંડ (ઈ)માં ૯૦ ફીટ રોડ સ્થિત ત્રિરત્નદીપ સોસાયટીની ચેકબુકમાં અધ્યક્ષ, સેક્રેટરી અને ખજાનચીની સહી કરેલા ચેકને વટાવીને પોતાના પર્સનલ બેંક ખાતામાં રૂા.૧૪.૪૫ લાખ જમા કરાવનાર અકાઉન્ટન્ટના મદદનીશ ગંગાધર ચાળકે વિરૂદ્ધ નવઘર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદ મુજબ સોસાયટીએ ૨૦૧૮-૨૦ દરમ્યાન સોસાયટીના હિસાબકિતાબના કામકાજ માટે અકાઉન્ટન્ટ તરીકે થાણેમાં રહેતા સંદેશ કદમ નામના વ્યક્તિને નીમ્યો હતો અને સંદેશે ડોંબિવલીમાં રહેતા ગંગાધર ચાળકેને તેના મદદનીશ તરીકે રાખ્યો હતો. દરમ્યાન સોસાયટીની કમિટિના ધ્યાનમાં આવ્યું કે ઓગસ્ટ ૨૦૧૯થી ડિસેમ્બર ૨૦૧૯ દરમ્યાન સોસાયટીના ચાર ચેક દ્વારા રૂા. ૧૪.૪૫ લાખની હેરાફેરી થઈ છે તેથી તેમણે સંદેશ અને ગંગાધરે ને બોલાવીને આ અંગે પૂછતાછ કરતાં સંદેશને આ અંગે કશી ખબર નહોતી અને ગંગાધરની કડક પૂછતાછ કરાતા તેણે વટાણા વેરી નાખ્યા હતા તેથી સોસાયટી કમિટિએ તેની પાસે ઉઘરાણી ચાલુ કરતાં ગંગાધરેએ ૨૦૨૧માં રૂા.૨ લાખનો ચેક આપ્યો ત્યારબાદ સોસાયટીના કમિટિ મેમ્બરો અનેક વખત તેના ઘરે જઈને બાકીની રકમ રૂા.૧૨.૪૫ લાખની માંગણી કરી પરંતુ ગંગાધરેએ આજ-કાલ કરીને આજ સુધી સોસાયટીના ફદિયા પરત ન કરતાં સોસાયટીના ૨૦૦૬ થી ૨૦૨૨ સુધીના અધ્યક્ષ રહેલા સદાશીવ દાભાડેએ ગંગાધરે વિરૂદ્ધ નવઘર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## ઈન્ડિયન આર્મીના નામે સાયબર ગઠિયાએ
# મુલુંડકરને રૂ.૨.૮૩ લાખનો ચૂનો ચોપડ્યો

મુલુંડ (વે)માં મુરાર રોડ સ્થિત ઓમ રેસિડેન્સીમાં રહેતા એસકુમાર સુબ્રમણ્યમ (૬૧)ને ઈન્ડિયન આર્મીના નામે સાયબર ગઠિયાએ રૂ.૨,૮૩,૪૧૩નો ચૂનો લગાડયો હોવાની ફરિયાદ મુલુંડ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. ફરિયાદ મુજબ મોટરકારની ગેસ કિટ અને રસ્સી બનાવતી ફેરોલાઈટ જોઈન્ટીંગ લિ. કંપનીમાં મેનેજર તરીકે કામ કરતા એસ કુમાર માલના વેચાણનું કામ સંભાળતા હતા. અને કંપનીની જાહેરખબર જે.ડી. માર્ટ એપ પર કરવામાં આવતી હતી. ૧ જૂનના એસકુમાર ઘરે હતા ત્યારે તેમને અજાણી વ્યક્તિનો ફોન આવ્યો. ફોન કરનારે પોતે ઈન્ડિયન આર્મીથી કુણાલ ચૌધરી બોલતો હોવાનું અને તેને ૫૦ કિ. ગ્રા. ગ્લૅંડ રોપની ખરીદી કરવી હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ બંને વચ્ચે સોદો તય થતાં કુણાલે પરચેસ ઓર્ડર એસ કુમારના ઈમેલ પર મોકલ્યો અને એસ કુમારે પેમેન્ટ માટે પૂછતા કુણાલે તેમને જણાવ્યું કે ઈન્ડિયન આર્મીનો ઓર્ડર લેવા માટે પહેલા તમારે સિક્યોરિટી ડિપોઝીટ આપવી પડશે જે તમને એક કલાકમાં પરત કરવામાં આવશે. જેને પગલે એસ કુમારે વગર વિચાર્યે તેમના બેંક ખાતામાંથી રૂા. ૨.૮૩ લાખ કુણાલ પાસે સિક્યોરિટી ડિપોઝીટ તરીકે જમા કરાવ્યા. તેનો ઓર્ડર તૈયાર કરીને રાખ્યો અને કુણાલે આપેલા કલિનાના એડ્રેસ પર તપાસ કરતા આર્મી કેમ્પમાં કોઈ કુણાલ ચોધરી નામની વ્યક્તિ હતી જ નહીં અને એસ કુમારને સિક્યોરિટી ગાર્ડ પાસેથી માહિતી મળી કે કુણાલે અનેક લોકોને આ રીતે ફસાવ્યા છે જેને પગલે એસ કુમારે કુણાલને ફોન કરતાં તેણે ઉડાઉ જવાબ આપ્યા અને એસ કુમારને તેમની સાથે થયેલી છેતરપિંડીનો ખ્યાલ આવી જતાં તેમણે તાત્કાલિક સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી અને ત્યારબાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# શ્રી વીસા સોરઠીયા વણિક સર્વોદય મહિલા મંડળ મુંબઈની નવી કારોબારી કમિટી




ઉપરોક્ત મહિલા મંડળની નવી કારોબારી કમિટીમાં પ્રમુખપદે શ્રીમતી સરલાબેન નવીનચંદ્ર શાહ, ઉપપ્રમુખ તરીકે શ્રીમતી જયોત્સનાબેન હ.શાહ, મંત્રીઓ શ્રીમતી હર્ષાબેન પ.મલકાણ, શ્રીમતી અમિતાબેન મ.શાહ અને શ્રીમતી લીનાબેન સુ.શાહ, ખજાનચીઓ તરીકે શ્રીમતી તૃષાબેન ઉ.શાહ અને શ્રીમતી ઉષાબેન બી.શાહ, જ્યારે કારોબારી સભ્યો તરીકે શ્રીમતી કિરણબેન રાજેશ શાહ, શ્રીમતી શોભનાબેન મ.શાહ, શ્રીમતી પ્રભાબેન પટ્ટણી, શ્રીમતી ભાનુબેન ઘી.શાહ, શ્રીમતી લીલાવતીબેન ર.શાહ, શ્રીમતી ચંદ્રિકાબેન ર.શાહ, શ્રીમતી સંગીતાબેન કે.ગાંધી, શ્રીમતી ભારતીબેન જ.શાહ, શ્રીમતી સ્મિતાબેન અ.શાહ, શ્રીમતી હેમાલીબેન મ.ઝવેરી અને શ્રીમતી જીતલ દિ. શાહ સાથે શ્રીમતી મૃદુલાબેન જયંતિલાલ મંગ (ભૂ.પૂ.મંડળ પ્રમુખ). નવી નિયુક્ત કમિટીને સમગ્ર ન્યાતિ સમાજ મંડળો અને આગેવાનો તરફથી શુભેચ્છાઓ મળી છે.




# મારા ડાયરીના થોડા પાનાં : ફિલોસોફર જયોર્જ ગુર્જિયેફ

જ્યોર્જ ઈવાનોવિચ ગુર્જિયેફ એ પશ્ચિમના દેશોના જાણીતા વિચારક અને ચિંતક હતાં. તેમના અનુજનું નામ ઓસપેન સકી હતું. આ લોકો એ પશ્ચિમના દેશોમાં ધ્યાનની વિધિઓનો ફેલાવો કર્યો હતો. ગુર્જિયેફ આ વિધિઓ (મીસર) ઈજિપ્ત દેશમાંથી લાવ્યા હતાં. તેઓ એ પશ્ચિમના લોકોને આત્માને પામવાનો માર્ગ બતાવ્યો. ધ્યાનની વિધિઓનો ફેલાવો કર્યા હતા. જે મુખ્યત સૂફી વિધિઓ હતી.

ગુર્જિયેફ જ્યારે પ્રથમ વિશ્વયુધ્ધના સમયમાં રશિયામાં પાછા ફર્યા ત્યારે તેમણે મોસ્કો અને પીટર્સબર્ગ (લેનીન ગ્રાડમાં તેમની આગવી વિકસવેલી પધ્ધતિ ગૂઢ વિદ્યા શીખવાનો પ્રારંભ કર્યો. રશિયામાં ક્રાંતિ થઈ ત્યારે તેમણે તેમના અનુયાયીઓ સાથે રશિયા છોડ્યું અને ઈ.સ.૧૯૨૨માં ફ્રાંસના પેરિસ નજીક ફોન્ટબ્લો ખાતે માનવ જાતિના સંવાદલક્ષી વિકાસ માટે ઈન્સ્ટિટ્યૂટ ફોર હાર્મોનિયસ ડેવલપમેન્ટ ઓફ મેન નામના અભ્યાસ, કેન્દ્રની સ્થાપના કરી. યુરોપમાં ઠેર ઠેર તેમણે તેમની 'સિસ્ટમ' માટેના પ્રવચન પ્રવાસ કર્યા. જ્યારે ઈ.સ.૧૯૪૨ માં અમેરિકા ગયા. ત્યારે તેમના પ્રચારથી ઘણા લોકોનું ધ્યાન તેમના તરફ આકર્ષાયું હતું. પેરિસમાં તેમણે અંતે શિક્ષણ ચાલુ રાખ્યું હતું.




ગુર્જિયેફની સિસ્ટમનો વિસ્તાર એ વિચારને કેન્દ્રમાં રાખીને થયો હતો કે માનવ પૂણપર્ણ સભાન નથી પરંતુ અમુક વાર આકસ્મિપણે સૂક્ષ્મ સૃષ્ટિના ઝબકારા તેને પોતાના અસ્તિત્વથી સભાન કરાવે છે. વાસ્તવમાં આપણે સૂઈ જ રહ્યાં છીએ અને સંજોગો આપણને એકથી બીજા પ્રસંગ પર ફંગોળે છે.

ગુર્જિયેફ પોતાના અનુયાયીઓને જાગ્રત કરવા કેટલીક અંગ કસરતો કરાવે છે. ચોક્કસ વિધિપૂર્વક નૃત્ય વગેરે દ્વારા અનુયાયીઓની સુષુશક્તિને સક્રિય કરતા જેના લીધે જાગરૂકતાના ઉચ્ચ સ્તર સુધી પહોંચી તેમના ચેતાતંત્રમાં વિશિષ્ટ પ્રકારનું સંતુલન તથા સામંજસ્ય લાવી શકતા. વિશ્વના અનેક દેશમાં તેમના સિસ્ટમ અંગેના અભ્યાસ કેન્દ્ર આવે છે. ગુજરાતમાં રાજ્યના અમદાવાદમાં પણ એક કેન્દ્ર પાલડી વિસ્તારમાં સ્થાપવામાં આવેલું છે. ભારતમાં તેમણે ખ્યાતિ અપાવવામાં ઓશો રજનીશનો મુખ્ય ફાળો છે.

ગુર્જિયેફ માણસ મગજનું પૃથ્થકરણ કરતા કહે છે. દરેક માણસમાં ત્રણ પર્સનાલિટી હોય છે. પહેલી પર્સનાલિટી પોતાને સ્વંય ઓળખે છે. તેના સારા ગુણો, અને ખરાબ ગુણો હોય છે. તેનો મનમાં હંમેશા સારા ગુણો તરફ કેન્દ્રિત છે. ખરાબ ગુણોનો તે એનાલિસિસ કરવા માગતો નથી. મારી જીંદગીમાં જે મહાન મનુષ્યના જીવનચરિત્ર વાંચેલ છે. મહાત્મા ગાંધી, ખુશવંતસિહ અને અમૃતા પ્રિતમ એની જીંદગીની નબળી કડી પુસ્તકો મારફતે કબૂલ કરે છે.

બીજો ગુણ માણસ હમેંશા પોતાની પ્રશંસામાં માટે એક વર્તુળ ઉભો કરે છે. આ પ્રશંસા કહી ઘડી ખુશામત પરિવર્તન જાય છે. જે સારા કામ કરે છે અને પછાત, દલિત અને ગરજુ માનવી માટે કામ કરે છે. એ વ્યક્તિ હમેંશા પ્રશંસા પ્રાપ્ત છે.

ત્રીજો ગુણ બીજા ખરી પ્રશંસા જ્યારે થાય છે. તેના કાન સંભાળી અને આંખ આડે કાન કરી દેખશે. નહીં તો ફરી પોતાની બેઠકને બહાર ચાલી જાય છે. આવા માણસો બીજાની પ્રશંસા જીરવી શકતા નથી. માણસ સ્વભાવ માટે ગુર્જિયેફ જાત વિશે ક્યારેય ઉતરવું બોલવું નહી. આ જગતના સૌથી તાકતવર શબ્દો એ જ હોય છે. જે આપણે અરીસામાં ઉભેલા જણને કહીએ છીએ.

સ્વયં વિશે વારંવાર ઉતરતું નિમ્ન કે ઘસાતુ બોલવાની અંદર રહેલું. કોઈ નિરાશ અને અપમાનિત થઈ જતું હોય છે. એને પ્રોત્સાહિત કરતા રહેવાની જવાબદારી આપણે સ્વગત બોલેલા શબ્દોની છે. જિંદગીની શાળામાં સૌથી પહેલો અને મહત્વનો પાઠ છે. 'અવગણના'નો વિષમ પરિસ્થિતિ હોય કે ઝેરીલા લોકો, જેઓ આંખ આડે કાજી કરતા શીખી જાય છે. તેઓ પીડાની પરીક્ષામાં પાસ થઈ જાય છે.

# વિધાનસભા અને મહાપાલિકાની આગામી ચૂંટણીમાં ભાજપ માટે કપરા અઢાણ

મુંબઈ લોકસભાની ચૂંટણીમાં મુંબઈની ત્રણ બેઠક પર ઉદ્ધવ ઠાકરેની શિવસેનાએ જીતીને એ સિદ્ધ કરી દીધું છે કે મુંબઈમાં ઠાકરેનો અવાજ બુલંદ છે. કોંગ્રેસ, ભાજપ અને શિંદે જૂથને ત્રણેયને એક એક બેઠક મળી છે. ભારે મેલોડ્રામા બાદ વાયવ્ય મુંબઈ મતદાર સંઘમાંથી શિવસેના શિંદે જૂથના રવીન્દ્ર વાયકર ૪૮ મતથી વિજયી થયા હતા. છ પૈકી ચાર બેઠક મહાવિકાસ આઘાડીએ જીતતાં મોખરે રહેવામાં સફળતા મળી હતી.

દક્ષિણ મુંબઈમાં અપેક્ષા મુજબ શિવસેના ઠાકરે જૂથના અરવિંદ સાવંતે પોતાની જગ્યા કાયમ રાખી છે. દક્ષિણ મધ્ય મુંબઈ મતદાર સંઘમાંથી અનપેક્ષિતપણે શિવસેના ઠાકરે જૂથના અનિલ દેસાઈએ વિજય મેળવ્યો હતો. દેસાઈએ શિવસેના શિંદે જૂથના રાહુલ શેવાળેને ૫૩ હજાર મતથી હરાવ્યા હતા. મુંબઈ મરાઠી-ગુજરાતી અને ધાર્મિક ધ્રુવીકરણનો વિવાદ બની ગયેલા ઈશાન્ય મુંબઈમાં શિવસેના ઠાકરે જૂથના સંજય દીના પાટીલે ભાજપના મિહિર કોટેચાને ૨૯૮૬૧ મતથી હરાવ્યા હતા. ઉત્તર મુંબઈમાં ભાજપના પીયૂષ ગોયલે ૩.૫૫ લાખ મતથી વિક્રમી વિજય મેળવ્યો હતો. ઉત્તર મધ્ય મુંબઈ મતદારસંઘમાંથી મુંબઈ કોંગ્રેસનાં અધ્યક્ષા વર્ષા ગાયકવાડે ભાજપના ઉજ્જ્વલ નિકમને ૧૬,૧૫૪ મતથી હરાવ્યા હતા.

થાણે અને પાલઘર જિલ્લામાં ચાર પૈકી ત્રણ જગ્યા જીતીને મહાયુતિએ પોતાનું વર્ચસ્વ કાયમ રાખ્યું હતું. મુખ્ય પ્રધાન એકનાથ શિંદે માટે પ્રતિષ્ઠાની ગણાતી થાણે અને કલ્યાણ એમ બંને બેઠક પર શિવસેનાએ સારો દેખાવ કરીને બેઠક જીતી હતી. પાલઘરની જગ્યા ભાજપે આરામથી જીતી લીધી હતી. પાલઘરમાં બહુજન વિકાસ આઘાડીના વિધાનસભ્ય હિતેન્દ્ર ઠાકુરનો ફુગ્ગો ફૂટી ગયો હતો. ભિવંડીમાં ભાજપને મોટો ફટકો પડયો હતો. અહીં કેન્દ્રીય રાજ્ય પ્રધાન કપિલ પાટીલનો પરાજય થયો હતો.

મંગળવારે આવેલા લોકસભાનાં પરિણામ બાદ એક વાત તો સ્પષ્ટ થઇ ગઈ છે કે મુંબઈગરાનો ઝોક ઉદ્ધવ ઠાકરે તરફ વધુ રહ્યો છે. આગામી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને વધુ કપરાં ચઢાણ છે, જ્યારે મહાપાલિકામાં ઉદ્ધવ ઠાકરેને ફાયદો થવાનો છે એ નક્કી. મહાપાલિકા જીતવાનો નિર્ધાર કરનાર ભાજપને મોટો ફટકો બેઠો છે. મહાપાલિકા ચૂંટણીમાં મહાવિકાસ આઘાડી એક થઇને લડશે તો મુંબઈમાં મહાયુતિ સામે મોટો પડકાર ઉભો થશે.

# બાળકની જન્મ નોંધણી વખતે માતા પિતાના ધર્મનો ઉલ્લેખ જરૂરી રહેશે

બાળકના જન્મની નોંધણી કરાવતી વખતે હવે માતા-પિતા બન્નેએ પોતપોતાનો ધર્મ અલગથી લખવાનો રહેશે. પહેલાં જન્મના પ્રમાણપત્રમાં માત્ર પરિવાર એટલે કે પિતાનો ધર્મ જ નોંધવામાં આવતો હતો. ગૃહમંત્રાલય દ્વારા મોડલ રૂલ્સનો ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો છે જે મુજબ આ નિયમ બાળકને દત્તક લેતી વખતે પણ લાગુ થશે. આ નિયમોના અમલીકરણ પહેલાં રાજ્ય સરકારોએ આ વિશે નોટિફિકેશન બહાર પાડવું પડશે.

સંસદના છેલ્લા ચોમાસુ સત્રમાં જન્મ અને મૃત્યુની નોંધણી (સુધારા) બિલ, ૨૦૨૩ પસાર કરવામાં આવ્યું હતું જેના હેઠળ કોઈ શૈક્ષણિક સંસ્થામાં ઍડ્મિશન, ડ્રાઇવિંગ-લાઇસન્સ, મતદારયાદી, આધાર નંબર, લગ્નની નોંધણી કે સરકારી નોકરીમાં નિમણૂક માટે બર્થ-સર્ટિફિકેટનો સિંગલ ડૉક્યુમેન્ટ તરીકે ઉપયોગ થઈ શકશે. આ અધિનિયમમાં જન્મ અને મૃત્યુના પ્રમાણપત્રની ડિજિટલ નોંધણી અને ઇલેક્ટ્રોનિક ડિલિવરીની જોગવાઈ છે. આ ઉપરાંત, રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે જન્મ અને મૃત્યુનો ડેટાબેઝ તૈયાર થશે જે અન્ય ડેટાબેઝને અપડેટ કરવામાં મદદ કરશે.

# કન્ટીન્યુઅસ ગ્લુકોઝ મોનિટરિંગ (CGM) ટેકનોલોજીના ફાયદાઓ

*ડાયાબિટીસના દર્દીઓ માટેતેમના લોહીમાં સ્યુગર (ગ્લુકોઝ) લેવલની સતત તપાસણી( કન્ટીન્યુઅસ ગ્લુકોઝ મોનિટરિંગસીજીએમ) કરતી ટેક્નોલોજીના અસંખ્ય ફાયદા છે. સીજીએમટેક્નોલોજીના કેટલાક મુખ્ય ફાયદાઓમાં આ પ્રમાણે છે:*

*લોહીમાં ગ્લુકોઝનું વધુ સારું નિયંત્રણ:સીજીએમટેક્નોલોજી સતત તત્ક્ષણનું (રીઅલ-ટાઇમ) લોહીમાં ગ્લુકોઝનું સ્તર જણાવતું રહે છે અને ડાયાબિટીસ ધરાવતા લોકોને ગ્લુકોઝના સ્તરમાં પેટર્ન અને વલણો ઓળખવામાં મદદ કરે છે. આ માહિતીનો ઉપયોગ ગ્લુકોઝના વધુ સારા નિયંત્રણને પ્રાપ્ત કરવા માટે દવાઓની માત્રા, દર્દી દ્વારા ખોરાકનું સેવન અને કસરતની દિનચર્યાઓને સમાયોજિત કરવા માટે થઈ શકે છે.*




*લોહીમાં ગ્લુકોઝનું સ્તર ખૂબ ઘટી જવાનું (હાઈપોગ્લાયસેમિઆનું) જોખમ ઘટાડે છે : જ્યારે દર્દીના લોહીમાં ગ્લુકોઝનું સ્તર ખૂબ ઓછુંથઇ જાય ત્યારે સીજીએમટેક્નોલોજી તરત ચેતવણી આપે છે, જે હાઈપોગ્લાયસેમિઆને રોકવા અને તેની સમયસર સારવાર કરવામાં મદદ કરે છે.*

*જીવનની ગુણવત્તામાં સુધારો : સીજીએમટેક્નોલોજી વારંવાર આંગળીમાં સોય ભોંકીને (ફિંગર-સ્ટીક કરીને) ગ્લુકોઝ પરીક્ષણની જરૂરિયાત ઘટાડે છે, જે પીડાદાયક અને અસુવિધાજનક હોઈ શકે છે.*

*તે ડાયાબિટીસ ધરાવતા લોકોને તેમના ગ્લુકોઝના સ્તરને વધુ સારી રીતે સમજવા અને તેમના ડાયાબિટીસ મેનેજમેન્ટ વિશે મેળવીને સારવાર અંગેના નિર્ણયો લેવા માટે ખૂબ મહત્વનું છે.*

*ગૂંચવણો (કોમ્પ્લીકેશન્સ) થવાનું નું જોખમ ઘટાડે છે : લોહીમાં ગ્લુકોઝ નિયંત્રણમાં સુધારો કરીને અને હાઈપોગ્લાયસેમિઆના જોખમને ઘટાડીને, સીજીએમટેક્નોલોજી ડાયાબિટીસ સાથે સંકળાયેલ લાંબા ગાળાની કોમ્પ્લીકેશન્સના જોખમને ઘટાડી શકે છે, જેવી કે જ્ઞાનતંત્રને નુકસાન, કિડની રોગ અને દ્રષ્ટિની સમસ્યાઓ.*

*એકંદરે, સીજીએમટેક્નોલોજી ડાયાબિટીસ ધરાવતા લોકો માટે વધુ સારું ગ્લુકોઝ નિયંત્રણ હાંસલ કરવા અને તેમના જીવનની ગુણવત્તા સુધારવા માટે એક મહત્વપૂર્ણ સાધન છે.*

# રાત્રિ ભોજન (પાર્ટ – ૨)



**સંગિની સૌરભ**
**સંકલન - હિના પારેખ**
**મો.૯૯૬૭૪૫૯૫૧૫**

– બીના કીર્તિ શાહ



જૈન ધર્મમાં નિયમ હોય છે રાત્રી ભોજનનો ત્યાગ કરવાનો. સાંજે વહેલું જમી લેવાનું એટલે કે ચોવીયાર કરવાનો. જેનાથી શરીર પણ સારું રહે છે અને અંધારામાં અનંત જીવકાય હિંસા થાય છે તેનાથી બચી શકાય છે. રાત્રે અંધારામાં ...એવા ઝીણા જીવો હોય છે જે ભોજનમાં પડે છે... આપણને દેખાતા નથી. બીજું એક ઉણોદરી વ્રત છે કે ભૂખ કરતાં ઓછું ખાવાનું.... જેનાથી શરીર સારું રહે છે... ઉપરાંત ડુંગળી લસણ અને બટેટા આદિ કંદમૂળ નો ત્યાગ... જેનાથી મન શાંત રહે છે... આપણી હિન્દી સંસ્કૃતિમાં પણ કોઈ પણ પૂજા હોય ત્યારે ડુંગળી લસણ વાપરતા નથી.... ઉપરાંત ઉપવાસ... આયંબિલ  કરવાથી શરીરમાંથી વિષેલા પદાર્થ નીકળી જાય છે... વાત ઘણી છે પરંતુ અત્યારે વીરમું છું કેમ કે વિષયાંતર ના થઈ જાય આજે આ બધા નિયમ જાપાનના લોકો પણ અપનાવે છે...

રાત્રિ ભોજન કરવા વાળી વ્યક્તિઓને ૧૨ કલાક સુધી સૂર્યોના અલ્ટ્રાવાયોલેટ કિરણો નહીં મળવાથી વિટામીન D ના અભાવને લીધે ભોજનમાં રહેલા તત્વોને તેઓના શરીર ગ્રહણ નથી કરી શકતા તથા પચ્યા વગર જ મળ દ્વારા વિસર્જન થઇ જાય છે. આ વિટામીન D ના અભાવે તેઓના હાડકાઓ કમજોર થઇ જાય છે અને રક્તનો પણ અભાવ થાય છે.

ભોજન પચાવવા માટે ઓક્સીજન અત્યંત આવશ્યક છે જે ખાસ કરીને સૂર્યપ્રકાશથી જ મળે છે. આથી દિવસ દરમ્યાન ભોજન કરવું શ્રેયસ્કર છે. ભોજન આદિ પચાવવાની શક્તિ તથા અન્ય ગુણધર્મો ઉત્પન્ન કરનારા તત્વો સૂર્યશક્તિથી જ મળે છે નહીં કે કૃત્રિમ પ્રકાશથી.દિવસે ભોજન લેવાથી લાળ વધુ થાય છે અને ભોજન દ્વારા ટાયરોલીન અમીનો એસીડની ઉપલબ્ધતા પણ રહે છે. આ ઉત્પન્ન થતા એસીડો દ્વારા ભોજનમાં પાચક રસો ભળતાં અન્નનું પાચન સારું થાય છે.

રાત્રિ દરમ્યાન ગંદકીવાળા સ્થળોમાં વાયુમંડળમાં અનેક જાતના વાયરસ બેક્ટેરીયાની ઉત્પત્તિ થાય છે જે આપણા ભોજન બનાવવાના સમયે, આરોગતી વખતે અથવા પીરસતી વખતે ભોજનના રાસાયણિક તત્વોમાં ભળી શરીરના એન્ઝાઈમ અને જીવાણુઓમાં ભળી નવા એન્ઝાઈમ અને જીન બનાવે છે અને આનું પરિણામ મનુષ્યના સ્વભાવમાં પરિવર્તન લાવે છે.

રાત્રિભોજન ત્યાગ અથવા ઉપવાસ કરવાથી શારીરિક પ્રતિરોધક તંત્ર શક્તિશાળી બને છે કારણ કે એ તંત્રમાં કામ કરવાવાળા રક્તના ફેનાસાઈટ્સ અને લીમ્ફોસાઈટ્સ કણોની ક્ષમતામાં અદભુત વૃદ્ધિ થાય છે.

## શ્રી કચ્છી લોહાણા સેવા મંડળ રામબાગ માટુંગા દ્વારા પર્મેન્ટન્ટ આઈ કાર્ડ ધારક પરિવારો માટે સામૂહિક શ્રીમદ્ ભાગવત સપ્તાહ કથા પારાયણ જ્ઞાનયજ્ઞ

શ્રી કચ્છી લોહાણા સેવા મંડળ રામબાગ માટુંગા દ્વારા આર્થિક ભેટ સહાય પર્મેનન્ટ આઈ કાર્ડ ધરાક પરિવારો માટે ૭૧ પોથી સામૂહિક શ્રીમદ્ ભાગવતં સપ્તાહ કથા પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન રવિવાર, તા.૨૪ નવેમ્બર ૨૦૨૪ થી શનિવાર તા.30 નવેમ્બર ૨૦૨૪ સુધી રામબાગ પટાંગણ, લક્ષ્મીનારાયણ લેન, માટુંગા (ઈસ્ટ) સે.રે. મધે કરાયું છે. કથા શ્રવણ સમય સાંજે ૪ થી ૭ દરમ્યાન રહેશે.

શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞના મુખ્ય યજમાન શ્રી કચ્છી લોહાણા સેવા મંડળ રામબાગ માટુંગા, વ્યાસપીઠ સ્થાને મુખ્ય વક્તા ભાગવતાચાર્ય પ.પૂ.શ્રી આશિષભાઈ વ્યાસ અને મુખ્ય આચાર્ય પદે શ્રી દીપક મારાજ ખરાશંકર પંડ્યા રહેશે.

સામૂહિક ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞમાં દેશભરમાં કોઈપણ વિસ્તારના કચ્છી લોહાણા જ્ઞાતિ પરિવાર જેઓ મંડળ દ્વારા ઈસ્યુ કરાયેલ આર્થિક સહાય ભેટ પર્મેન્ટનટ આઈ કાર્ડ ધરાવે છે તેઓ પરિવાર દીઠ બે પોથી નોંધાવી શકશે. જે માટે પ્રત્યેક પોથી દીઠ રૂા.૧૧૦૦ માત્ર સ્વૈચ્છિક યોગદાન મુકરર કરાયેલ છે. ન્યોછાવર થયેલ રકમ છેલ્લે ગૌદાન ભેટ માટે આપી દેવાશે. અગર જો નિર્ધારીત સંખ્યામાં પોથીઓ ન નોંધાઈ તો જ મંડળ વિસ્તારના મધ્યમ વર્ગી ય કચ્છી લોહાણા પરિવાર કે અન્ય વિસ્તારના કચ્છી લોહાણા પરિવારની પોથી નોંધાશે. પોથી નોંધાવવા માટે મંડળ દ્વારા ઈસ્યુ થયેલ પર્મેનન્ટ આઈ કાર્ડ લાવવું જરૂરી. વહેલો તે પહેલો ના ધોરણે પોથી નોંધણી થશે.

વધુ વિગત માટે મેનેંજીગ ટ્રસ્ટી મનુભાઈ કોઠારી-૯૭૦૨૮ ૮૫૦૯૫, ટ્રસ્ટી અને મહિલા સમિતિ કન્વીનર શ્રીમતી માલતીબેન કોઠારી-૯૩૨૦૨ ૩૧૯૯૯, ટ્રસ્ટી ભરતભાઈ સચદે-૯૩૨૪૩ ૫000૧, કારોબારી સભ્ય ભરતભાઈ કારીઆ-૯૮૧૯૩ ૪૪૬૭૫ અથવા મંડળ કાર્યાલય ૮૮૭૯૮ ૧૧૦૫0નો સંપર્ક ઓફિસ સમય દરમ્યાન કરવો.

## એલબીએસ રોડ સ્થિત ઘરમાંથી ૨૩ ગ્રામ સોનાની ચેઈન ચોરાઈ

મુલુંડ (વે)માં એલબીએસ માર્ગ સ્થિત નિર્મલ ઝિરકોનમાં રહેતા ડો. શિરાલી રૂનવાલે તેમના ઘરમાંથી રૂા.૯૨ હજારની કિંમતની ૨૩ ગ્રામ સોનાની ચેઈન ચોરી થઈ હોવાની ફરિયાદ મુલુંડ પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે. ડો. શિરાલીએ રાબેતા મુજબ ૨૭ મે ૨૦૨૪ના રાત્રે તેમની સોનાની ચેઈન કાઢીને ડ્રેસિંગ ટેબલના ડ્રોઅરમાં રાખી હતી અને બીજા દિવસે સાંજે બહાર જવા નીકળતા સમયે તેમણે ચેઈન રાખેલી જગ્યા પર મળી નહીં તેથી ડો. શિરાલીએ પૂરું કબાટ તથા ડ્રેસિંગ ટેબલનું ડ્રોઅર ફેંદી નાંખ્યું પરંતુ ચેઈન ન મળતા તેમણે ઘરની કામવાળી બાઈને આ અંગે પૂછ્યું પરંતુ કામવાળીને ચેઈન અંગે કોઈ જાણકારી નહોતી. ત્યારબાદ રૂનવાલના ધ્યાનમાં આવ્યું કે તેમના ઘરનો દરવાજો ખૂલ્લો હતો ત્યારે કોઈ ચોરટો હાથ સફાઈ કરી ગયો હશે જેને પગલે તેમણે અજાણ્યા ચોર વિરૂદ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## રેટીનોબ્લાસ્ટોમા

***રેટિનોબ્લાસ્ટોમા શું છે?***

*રેટિનોબ્લાસ્ટોમા એ એક પ્રકારનું આંખનું કેન્સર છે જે નેત્રપટલ (રેટીના)માં કેન્સરના કોષોની વૃદ્ધિ પામવાથી શરૂ થાય છે. રેટીના એ આંખની અંદર આવેલી પ્રકાશ પ્રત્યે સંવેદનશીલતા ધરાવતી (light sensitive) લાઈનિંગ છે.*

*રેટિના ચેતા પેશીઓ (nerve tissues)થી બનેલી હોય છે જે આંખના આગળના ભાગમાંથી અંદર આવતા પ્રકાશને અનુભવે છે. આ પ્રકાશનું સિગ્નલ રેટિના મગજને મોકલે છે. મગજ આ સિગ્નલોનું છબીઓ (Images) તરીકે અર્થઘટન કરે છે.*

*રેટિનોબ્લાસ્ટોમા મોટાભાગે નાના બાળકોમાં થાય છે. તે સામાન્ય રીતે બે વર્ષની ઉંમર પહેલા તેનું નિદાન થાય છે. તે મોટેભાગે એક આંખને અસર કરે છે. કેટલીકવાર તે બંને આંખોમાં થાય છે.*

*રેટિનોબ્લાસ્ટોમા માટે ઘણી સારવાર ઉપલબ્ધ છે. મોટા ભાગના બાળકો માટે, કેન્સરથી છુટકારો મેળવવાની સારવાર માટે આંખને સર્જરી દ્વારા દૂર કરવાની જરૂર નથી પડતી. રેટિનોબ્લાસ્ટોમાનું નિદાન થયેલા બાળકોના મહદ અંશે સારા થવાની અપેક્ષા ઘણી સારી છે.*




***લક્ષણો***

*રેટિનોબ્લાસ્ટોમાના ચિન્હો અને લક્ષણો આ પ્રમાણે છે:*

- *જ્યારે આંખમાં પ્રકાશ પાડવામાં આવે ત્યારે આંખના મધ્ય વર્તુળમાં સફેદ રંગનું દેખાવું. તે ફ્લેશ ફોટામાં દેખાઈ શકે છે.*
- *આંખોમાં લાલાશ*
- *આંખોમાં સોજા*
- *આંખો અલગ અલગ દિશામાં જોઈ રહી હોય એમ લાગવું*
- *દષ્ટિમાં ઘટાડો*

*જોખમના પરિબળો*

*રેટિનોબ્લાસ્ટોમામાં નીચે આપેલા જોખમના પરિબળોનનો સમાવેશ થાય છે.*

- *નાની ઉંમર. રેટિનોબ્લાસ્ટોમા ખૂબ નાના બાળકોમાં સૌથી સામાન્ય છે. તેનું નિદાન સામાન્ય રીતે બેવર્ષની વયે થાય છે. જીવનમાં મોટી ઉંમરે રેટિનોબ્લાસ્ટોમાના કેસ ખૂબ જ દુર્લભ છે.*
- *ડીએનએમાં થતા ફેરફારો જે પરિવારોમાં વંશપરંપરાગત ઉતરી આવે છે. રેટિનોબ્લાસ્ટોમાના જોખમમાં વધારો કરતા ડીએનએમાં થતા ફેરફારો માતાપિતા પાસેથી બાળકોમાં પસાર થઈ શકે છે. આ વારસાગત ડીએનએમાં ફેરફારો ધરાવતા બાળકોને નાની ઉંમરે રેટિનોબ્લાસ્ટોમા થવાની સંભાવના છે. તેઓ બંને આંખોમાં રેટિનોબ્લાસ્ટોમા ધરાવતા હોય છે.*

***સારવાર:–***

***કીમોથેરપી:***

*કીમોથેરાપી એદવા દ્વારા કરાતીકેન્સરની સારવાર છે. દવામાંના રસાયણો (chemicals) કેન્સરના કોષોને મારવા માટે સમગ્ર શરીરમાં ફરી વળે છે. કીમોથેરાપી કેન્સરની ગાંઠને સંકોચાવામાં મદદ કરી શકે છે જેથી બાકીના કેન્સર કોષોની સારવાર માટે અન્ય સારવારનો ઉપયોગ કરી શકાય. કીમોથેરાપીનો ઉપયોગ આંખની બહાર અથવા શરીરના અન્ય ભાગોમાં ફેલાયેલા કેન્સરની સારવાર માટે પણ થઈ શકે છે.*

***સર્જરી (એન્યુક્લીએશન)***

*જો ગાંઠ અન્ય સારવાર માટે ખૂબ વધી ગઈ હોય, તો આંખના ડોળા (Eyeball)ને કાઢીનાખવા માટે સર્જરીની જરૂર પડી શકે છે. આ સર્જરી કેન્સરને શરીરના અન્ય ભાગોમાં ફેલાતા અટકાવવામાં મદદ કરી શકે છે.*

*આંખના ડોળાને કીકીને કાઢી નાખ્યા પછી, આઈસર્જન આંખના સોકેટમાં કૃત્રિમ આંખનું પ્રત્યારોપણ કરે છે. આંખના સ્નાયુઓને આ પ્રત્યારોપિત કૃત્રિમ આંખ સાથે જોડવામાં આવે છે. આખરે આંખના સ્નાયુઓ આ આંખના ડોળાને કુદરતી આંખની જેમ હલનચલન કરાવી શકશે. જો કે, આ કૃત્રિમ આંખ જોઈ શકતી નથી.*

Owner, Printer and Publisher : **Jayant Vasanji Chheda** • Printed at : **MID DAY Infomedia Limited,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701.
• Published from 601, Abhinandan Apt., Sambhav CHS, Sarvoday Parshwanath Nagar, Mulund (West), Mumbai-400 080. • **Editor : Jayant V. Chheda • R.N.I. Regn. No. 69568/98**

श्रीपोलीन
पोली तारपोलीन
Manufacture Since 1981
श्री TARPAULINS
100% वॉटर-प्रुफ तालपत्रीयाँ

बारीश आया तैयार हो जाओ !!!
तालपत्रीयाँ की फॅक्टरी



● Black Plastic ● Nylon Ropes ● Agro Shed Net ● PVC Coated Tarpaulins

**Shree Tarpaulins Industries**
Exclusive Brand Factory Outlet

MULUND 9820230600 / 700 / 800
VASHI - NAVI MUMBAI 9819633397 / 98
GHATKOPAR - ASALFA 9833722191 / 92
GIDC,VAPI - 9426143485 9925138209 / 10

ShreeTarpaulinIndustries shreetarpaulins
www.shreetarpaulins.com ● Email: shreetarpaulins@gmail.com


# મુલુંડ-ગોરેગામ લિંક રોડના કામને વેગ મળ્યું

# અવરોધરૂપ ૫૧ બાંધકામ તોડી પડાયા



મુંબઈમાં પૂર્વ અને પશ્ચિમના ઉપનગરો મુલુંડ અને ગોરેગાંવને જોડતા મુંબઈ મહાપાલિકાના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટસમાંનો એક છે. આશરે ૧૨.૨ કિમી લાંબો આ રોડ ચારથી પાંચ વિભાગોમાં થઈને જાય છે. આ રોડ પર અનેક ઠેકાણે અનધિકૃત બાંધકામો હોવાને લીધે તેમને તબક્કાવાર હટાવાઈ રહ્યા છે. આ કાર્યવાહીના એક ભાગરૂપે શુક્રવાર તા.૭ જુનના મુલુંડ-ગોરેગાંવ લિંક રોડને પહોળો કરવામાં અડચણરૂપ ૫૧ અનધિકૃત બાંધકામો તોડી પડાયા હતા. આ ૫૧ બાંધકામોમાં સાત રહેણાંક અને ૪૪ બિનરહેણાંક બાંધકામોનો સમાવેશ થાય છે. મુંબઈ મહાનગરપાલિકાના એક અધિકારીના જણાવ્યા મુજબ આ કાર્યવાહી બે જેસીબી મશીન, ૩૦ કામગાર અને સાત એન્જિનિયરોએ પાર પાડી હતી.


JNAN VIKAS MANDAL'S
MOHANLAL RAICHAND MEHTA COLLEGE OF COMMERCE
DIWALI MAA COLLEGE OF SCIENCE
AMRITLAL RAICHAND MEHTA COLLEGE OF ARTS
DR. R. T. DOSHI COLLEGE OF COMPUTER SCIENCE
JVM's JUNIOR COLLEGE OF SCIENCE & COMMERCE
AFFILIATED TO UNIVERSITY OF MUMBAI
PERMANENTLY UNAIDED COLLEGE
(KANNADA LINGUISTIC MINORITY)

Jnan Vikas Mandal, Kalwa 50 ANNIVERSARY 1974 - 2024

**ADMISSIONS OPEN FOR 2024-25**

COURSES OFFERED

UG COURSES
•B.Com. •B.Com. (Banking & Insurance) •B.Com. (Accounting & Finance)
•B.Com. (Management Studies) •B.Sc. •B.Sc. (I.T.) •B.Sc. (C.S.)
•B.A.M.M.C. (Bachelor of Arts in Multi Media & Mass Communication)

PG COURSES
•M. Com. (Advanced Accountancy) •M. Sc. Chemistry (Organic & Analytical)
•M. Sc. (I.T.) •Ph.D. (Chemistry)

ACCREDITED WITH GRADE A+ NAAC

JUNIOR COLLEGE
•Commerce •Commerce (I.T.) •Science •Science (I.T. / Bifocal (C.S.))

Note : Registration help will be provided at the College office

Add.: Plot No. 9, Sector 19, Airoli, Navi Mumbai - 400 708.
For More Details Visit - www.jnanvikasmandal.com
8591431228
Office Time 9.30 a.m. to 4.30 p.m.

# ગુર્જરમાત

Club ID # 131028-026139 | Dist. 3231-A2 | Region VI | Zone I | L.Y. 2024-2025

# લાયન્સ ક્લબ ઓફ મુલુંડ

**Chartered as : LIONS CLUB OF BOMBAY MULUND. Chartered on : 15-3-1964**

## ટીમ ૨૦૨૪-૨૦૨૫



President
Lion Bharat Chheda



Secretary
Lion Pallavi Agarwal



Treasurer
Lion Jitendra Chhabra

# લાયન્સ ક્લબ ઓફ મુલુંડના નવા પ્રેસિડન્ટ ભરત છેડા અને એમની ટીમએ નવા સેવાકાર્ય પ્રોજેક્ટ દ્વારા સમાજ પ્રત્યેની નિષ્ઠા વ્યક્ત કરવાની નેમ સાથે સૂત્રદોર સંભાળ્યો






તા.૯ જૂન રવિવાર સવારે ૯ કલાકે લાયન્સ ક્લબ ઓફ મુલુંડના નવા ચૂંટાયેલા પ્રેસિડન્ટ અને પદાધિકારીઓની શપથ વિધિ કાર્યક્રમ બાલાજી બેન્કવેટ હોલ મુલુંડ મધે કરવામાં આવ્યું હતું.

ચીફ ગેસ્ટ પંકજ મહેતા, વિશેષ અતિથિ મનીષ લાડગે દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં ભારતીય પરંપરા પ્રમાણે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. તેમજ મંગલ પ્રાર્થના દિનાબેન દામજી ગડા દ્વારા કરાઈ હતી. ત્યારબાદ પ્રેસિડન્ટ શંકર પદમશાલીએ મિટિંગની શરૂઆત કરી હતી. સેક્રેટરી પુષ્પલ સંઘવીએ ફ્લેગ સેલ્યુટેશન અને રાષ્ટ્રગીત ગાન કર્યું હતું. એ બાદ પ્રેસિડન્ટ શંકર પદમશાલીએ ઈન્સટોલિંગ ઓફિસર પંકજ મહેતા, વિશેષ અતિથિ મનીષ લાડગે તેમજ ડિસ્ટ્રિકથી પધારેલ મહાનુભાવો, મેમ્બરો તેમજ આમંત્રિત મહેમાનોનું ભાવપૂર્વક સ્વાગત કર્યું હતું.








સેક્રેટરી પુષ્પલ સંઘવીએ પૂર્ણ વર્ષ દરમ્યાન થયેલ કાર્યોની ઝાંખી ઓડિયો વિઝ્યુલ માધ્યમથી કરી સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતાં. ત્યારબાદ પ્રેસિડેન્ટ શંકર પદમશાલીએ સમગ્ર વર્ષ દરમ્યાન થયેલા સેવાકાર્યો અને અનુભવો વિષે જણાવ્યું હતું કે મેં મારી શક્તિથી વિશેષ કાર્યો કરી જન સેવા કરી છે અને લાયન્સ ક્લબ ોફ મુલુંડને પૂર્ણ વર્ષ દરમ્યાન ડિસ્ટ્રિક તેમજ ઈન્ટરનેશનલ સ્તરે સેવા કાર્યો થાય તેવા પ્રોજેક્ટ કરી ઘણા એવોર્ડ અપાવ્યા છે.

લાયન જય દોશીએ ઈન્સ્ટોલિંગ ઓફિસર પંકજ મહેતાની ઓળખ વિધિ કરાવી પરિચય આપ્યો હતો અને પંકજ મહેતાને પુષ્પગુચ્છ આપી આવકાર અપાયો હતો.

ત્યારબાદ મુખ્ય અતિથિ પંકજ મહેતાએ વરાયેલા નવા પ્રેસિડન્ટ ભરત છેડા અને તેની ટીમનું આગવી શૈલીમાં શપથ વિધિ કરાવી હતી. જેમાં આજ દિવસ સુધી મુલુંડના ક્લબના ૬૦ વર્ષના ઈતિહાસમાં આ પ્રકારની શપથ વિધિ નથી થઈ એ રીતે પંકજ મહેતાએ તેના બહોળા અનુભવોના આધારે યંગસ્ટાર્સ પ્રોત્સાહિત થાય એ રીતે બોલીવુડના સુવિખ્યાત સોન્ગની છાંટણી કરીને ટેલ ટવિસ્ટરથી પ્રેસિડન્ટ સુધીના પ્રત્યેકની અલગ અલગ પ્રકારે શપથ વિધિ કરાવી હતી. જેમાં પ્રેસિડન્ટ ભરત છેડા માટે બાહુબલી ફિલ્મનો સોન્ગ રજૂ કરીને કહ્યું હતું કે તમને બાહુબલી જેવી પ્રતિષ્ઠા સાથે કાર્યો કરવા છે. તેમણે શપથવિધિ કરાવતાં ભરતભાઈને ગોન્ગ અને ગેવલ સુપ્રત કરતા તેમના ધર્મ પત્ની









# લાયન્સ ક્લબ ઓફ મુલુંડના નવા પ્રેસિડન્ટ ભરત છેડા અને ટીમએ સેવાકાર્ય પ્રોજેક્ટ દ્વારા સમાજ પ્રત્યેની નિષ્ઠા વ્યક્ત કરવાની નેમ સાથે સૂત્રદોર સંભાળ્યો
















રાજુલ અને તેમના કુટુંબીજનોની પરમિશન લીધી હતી અને જણાવ્યું હતું કે ભરતભાઈને એક વર્ષ સુધી કંઈ પણ કહેવું નહીં કે તેમને રોકવું નહીં. કારણ કે તેઓ એક વર્ષ સુધી સમાજસેવા પ્રત્યે સમર્પિત રહેશે.

ત્યાર પછી નવા ચૂંટાયેલા અને ઈન્સ્ટોલ થયેલ પ્રેસિડન્ટ ભરત છેડાએ તેમના પ્રથમ ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે આજે મારા માટે ધન્ય દિવસ છે કે ૬૦ વર્ષ જૂની સંસ્થાની ધૂરા સંભાળવાનો મોકો મળ્યો છે. મુલુંડ લાયન્સ ક્લબ એ એવું કોઈ સેવા કાર્ય બાકી નહી હોય જે કર્યું ન હોય પણ મને આજે મોકો મળ્યો છે ત્યારે મુલુંડ ક્લબનું નામ વધુને વધુ રોશન કરીશ. ક્લબના પર્મેનન્ટ પ્રોજેક્ટોને પૂર્ણ ન્યાય આપીશ અને જ્યાં જ્યાં જરૂરત હશે ત્યાં ત્યાં અપગ્રેડશન કરાવી અને તે બધા પ્રોજેક્ટોને ચેતનવંતા બનાવીશ. હું મારા વર્ષમાં જે કાર્યો કરવાનો છું તેમાં દર્દીઓને સારવાર ઘણી વખત બ્લડની જરૂરત હોય છે ત્યારે બ્લડ ઉપલબ્ધ નથી હોતું. ત્યારે બ્લડ યોગ્ય રીતે ઉપલબ્ધ થાય એવી સુવિધાનો અભાવ છે તો તેની માટે હું મારા લાયન મેમ્બર્સને સાથે લઈ તે સુવિધા ઈઝીલી ઉપલબ્ધ થાય એ માટે બનતું બધું કરીશ.

બીજું જીવદયાનું મુલુંડથી ૧૦૦ કિમીના અંતરે લાયન્સ ક્લબ ઓફ લોનાવાલાના સહયોગથી એનિમલ હોસ્પિટલ બનાવી આપવાનો પ્લાનિંગ છે. તે હોસ્પિટલની બાજુમાં ગૌશાળા પણ બનશે.

પ્રેસિડન્ટ ભરત છેડાએ ક્લબનો કારભાર સંભાળતાની સાથે રૂ.૧૦ લાખનું અનુદાન એનિમલ હોસ્પિટલ માટે અને વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર એજ્યુકેશન રાજ કોમ્પ્યુટરના સહયોગ સાથે આપવાનું જાહેર કર્યું હતું. કોમ્પ્યુટર એજ્યુકેશનના ડોનર વાઈસ પ્રેસિડન્ટ અલકા ભીડે હશે તેમજ રાજેશભાઈ મજેઠિયાના સહયોગથી આરટીઓ ઓફિસમાં વોટરકુલરની વ્યવસ્થા કરી અપાશે.

ત્યારબાદ અલકા ભીડે વિશેષ અતિથિ મનીષ લાડગેની ઓળખ વિધિ કરાવી સ્વાગત કર્યું હતું. મનીષ લાડગેએ તેમની સ્પીચમાં નવા વરાયેલ પ્રેસિડન્ટ ભરત છેડાને શુભેચ્છા આપી હતી અને મેમ્બરશીપ ડાયરેક્ટર કમલેશ સચદે દ્વારા નવા ૧૯ મેમ્બરોનું ક્લબમાં સ્વાગત કરતાં ઓથ સેરેમની કરાવી હતી.

ત્યાર પછી લાયન લેડી ઓક્ઝિલરીના નવા પ્રેસિડન્ટ રાજુલ ભરત છેડા, સેક્રેટરી મીનલ નાયક, ટ્રેઝરર નીપા લાખાણી સાથે પૂર્ણ ટીમની જાહેરાત કરાઈ હતી.

લીઓ ક્લબ ઓફ મુલુંડ એ પણ તેની ટીમની જાહેરાત કરી હતી જેમાં પ્રેસિડન્ટ લીઓ મોક્ષા કારીઆ, સેક્રેટરી લીઓ યશ્વી શાહ, ટ્રેઝરર લીઓ રાજ ઠક્કર અને લીઓ એડવાઇઝર પ્રિતી કોટક છે.

અંતમાં સેક્રેટરી પલ્લવી અગ્રવાલ એ આગામી પ્રોગ્રામોની જાણ કરી હતી અને ડિસ્ટ્રિક તેમજ આમંત્રિત મહેમાનો તેમજ આ કાર્યક્રમ માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સાથ સહકાર આપનારા લાયન મેમ્બર મિત્ર વર્તુળોનો આભાર માન્યો હતો.











# લાયન્સ ક્લબ ઓફ મુલુંડના નવા પ્રેસિડન્ટ ભરત છેડા અને ટીમએ સેવાકાર્ય પ્રોજેક્ટ દ્વારા સમાજ પ્રત્યેની નિષ્ઠા વ્યક્ત કરવાની નેમ સાથે સૂત્રદોર સંભાળ્યો

## ટર્મ વર્ષ ૨૦૨૪-૨૦૨૫ના નવનિયુક્ત પદાધિકારીઓ

લાયન નીપા લાખાણી - ટેમ્પર
લાયન બટુકભાઈ શાહ - ટેલ ટિસ્ટર

**ડાયરેક્ટર**

લાયન બિપિન નાઈક
લાયન બિરેન્દ્ર કત્યાલ
લાયન ધીરેન્દ્ર શાહ
લાયન જાદવજી સાલીયા
લાયન કિરણ છાબરા
લાયન ડૉ.રઘુનાથ શર્મા
લાયન શૈલજા શાહ
લાયન વત્સલા પદ્મશાલી
લાયન શીલ અરોરા
લાયન મયુર લાખાણી
લાયન પુષ્પલ સંઘવી
લાયન મનીષ ઠાકર
લાયન રાજુલ છેડા
લાયન ભવાનજી શાહ
લાયન રાજેશ ઠક્કર
લાયન અર્જુલી છેડા
લાયન સમીર શાહ
લાયન આનંદ અગ્રવાલ - LCIF કો-ઓર્ડિનેટર
લાયન માયા કોઠારી - માર્કેટિંગ એન્ડ કમ્યુનિકેશન
લાયન વિનોદ સોમલ - સર્વિસ
લાયન કમલેશ સચદે - મેમ્બરશીપ ડાયરેક્ટર
લાયન હેમંત સાવલા - થર્ડ વાઇસ પ્રેસિડન્ટ
લાયન અલકા ભીડે - સેકન્ડ વાઇસ પ્રેસિડન્ટ
લાયન જય દોશી - ફર્સ્ટ વાઇસ પ્રેસિડન્ટ
લાયન ગૌરવ ઠક્કર - જોઇન્ટ ટ્રેઝરર
MJF લાયન જીતેન્દ્ર છાબરા - ટ્રેઝરર
લાયન સાગર રૂપારેલીયા - જોઇન્ટ સેક્રેટરી
લાયન પલ્લવી અગ્રવાલ - સેક્રેટરી
લાયન ભરત છેડા - પ્રેસિડન્ટ











